# Gyan Amrit
# જ્ઞાનામૃત

February 2026 - Issue 02
Retail Price 15/-





વડોદરા મંગલવાડી ખાતે 'સન્માન સમારોહ'માં રાજયોગિની ભારતીદીદી, બ્ર.કુ. રાજબેન, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, રાજમાતા શુંભાગિની ગાયકવાડ, BJP પ્રમુખ ડૉ. જયપ્રકાશભાઈ, ગીતામંદિરના ગીતાબેન.



અમદાવાદ રાણીપ સેવાકેન્દ્રના 'રજત જયંતી મહોત્સવ'માં બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. લલિતભાઈ, MLA ભ્રાતા હર્ષદભાઈ પટેલ, બ્ર.કુ. રેખાબેન, બ્ર.કુ. રંજનબેન.




અમદાવાદ સુખશાંતિ ભવન ખાતે 'રાષ્ટ્રીય સેમીનાર'માં ડૉ. સુનીલ કુમાર, ડૉ. શૈલેન્દ્ર મૌર્ય, બ્ર.કુ. ડૉ. પાંડેમણીભાઈ, ડૉ. હરીન્દ્રભાઈ, આચાર્ય ડૉ. મમતાબેન સાથે બ્ર.કુ. ડૉ. નેહાબેન.



ઈન્દ્રપ્રસ્થ GGRC ખાતે નવનિર્મિત સભાગૃહ 'ઓમશાંતિ ભવન'માં મણીનગર સબઝોન સ્તરીય 'યોગ તપસ્યા ભઠ્ઠી'માં બ્ર.કુ. સુરજભાઈ, બ્ર.કુ. ડૉ. નેહાબેન તથા બ્ર.કુ. મહાનુભાવો.




છાણી ખાતે 'વિશ્વ કિસાન દિવસ'ના કાર્યક્રમમાં કૃષિ વિશ્વવિદ્યાલયના આચાર્ય ડૉ. કપિલભાઈ, ગુજરાત રીફાઈનરીના VP ભ્રાતા પૂજનભાઈ, આત્માના ડેપ્યુટી ડાયરેક્ટર ભ્રાતા દિપકભાઈ, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન.



નવસારી ખાતે 'વિશ્વ ખેડુત દિવસ'ના કાર્યક્રમમાં કૃષિ યુનિવર્સિટીના વરિષ્ઠ વૈજ્ઞાનિક ભ્રાતા સુમિત સાલુંકે, કૃષિ યુનિવર્સિટીના આચાર્ય અને ડીન ભ્રાતા પ્રદીપભાઈ પાંડે, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. અલ્પાબેન.




વડોદરા અટલાદરામાં ૧૮ જાન્યુઆરી સ્મૃતિદિવસે પધારેલ શહેર BJP પ્રમુખ ભ્રાતા ડૉ. જયપ્રકાશ સોની, ઝાયડસ ઈન્ડસ્ટ્રીના MD ભ્રાતા ડૉ. અજયભાઈ સાથે બ્ર.કુ. અરૂણાબેન, બ્ર.કુ. પુનમબેન.




કેશોદ ખાતે 'રોટરી કઝ્યુમર મેળા'માં 'વેલ્યુગેમ ઝોન'ની મુલાકાતે પધારેલ MLA ભ્રાતા રમેશભાઈ ધડુક, નગરપાલિકા પ્રમુખ ભ્રાતા મેહુલભાઈ, રોટરી ક્લબ પ્રમુખ ડૉ. સ્નેહલ તન્ના, બ્ર.કુ. રૂપાબેન.

Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૯ ફેબ્રુઆરી - ૨૦૨૬ અંક : ૦૨

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

## અમૃતસૂચિ


- સત્યતાની શક્તિ ....................................તંત્રી સ્થાનેથી ..04
- જ્ઞાનમૃતના પ્રકાશક રાજયોગની ભારતીદીદીજીના શ્રદ્ધાંજલિ . ..05
- રાજયોગી કરુણાભાઈની સ્નેહાંજલિ ............................. ..06
- ડો. કાલિદાસભાઈને બ્ર. કુ. ચંદ્રિકાબેનની પુષ્પાંજલિ ......... ..06
- ગુજરાતના મીડિયા સંયોજિકા બ્ર. કુ. રંજનબેનની ભાવાંજલિ .07
- 'દિવ્ય દર્શન' દ્વારા તંત્રીશ્રીને શ્રદ્ધાસુમન ...................... ..08
- મીડિયા ટીમ તરફથી બ્ર.કુ. ઉમેશભાઈ દ્વારા સ્મરણાંજલિ ... ..10
- પરમાત્મ ઊર્જા ..............................દાદી હૃદયમોહિનીજી ..12
- જીવનમાં સગવડને સ્થાને જવાબદારી .......બ્ર.કુ. શિવાનીબેન ..13
- સત્યમ્-શિવમ્-સુંદરમ્..................................બ્ર.કુ. સૂર્ય ..14
- જીવનનો સાર અને આત્માનો શણગાર - પ્રેમ .......બ્ર.કુ. હેમંત ..17
- મહાશિવરાત્રી - મત્સ્ય અવતાર ...............બ્ર.કુ. વિવેકાનંદ ..20
- જ્ઞાન પરબ - સત્ય પ્રકાશ .........................બ્ર.કુ. જગદીશ ..24
- આલોચના પીતા શીખો ..............................બ્ર.કુ. નીતા ..27
- ગુણોની એબીસીડી..................................બ્ર.કુ. નીતા ..28
- મહાશિવરાત્રી ......................................બ્ર.કુ. સુરેખા ..30
- પ્રસંગ પરિમલ ................................................ ..32
- છુપાવાતી સચ્ચાઈ..............................બ્ર.કુ. જૂનાગઢ ..33
- ડેક્લેરેશન........................................................ ..34


**2026ના લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |

કૃતિઓ મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
D-202, સાગર રેસીડન્સી, PDPU રોડ,
જાન્વી ફાર્મ સામે, રાયસણ,
ગાંધીનગર - 382007 M. 99798 99104

**મુદ્રક અને પ્રકાશક**
**ભારતી રણછોડદાસ સોમૈયા**

**-:- વિશેષ નોંધ -:-**

જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન પણ બની શકાશે. જાન્યુઆરીથી બધા અંક તેમને મળશે. મેમ્બર બનવા માટે નીચે આપેલ બેંક ખાતાની વિગતોનો ઉપયોગ કરી ઓનલાઈન, રોકડા, ચેક, ડી.ડી. થી લવાજમ ભરી શકાશે. Gpay, મોબાઈલ નંબર કે Phone Pay ઉપર જ્ઞાનામૃતનું લવાજમ ભરાશે નહીં.

**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

## તંત્રી સ્થાનેથી

# સત્યતાની શક્તિ

પ્રભુ પસંદ બનવા માટે 'સચ્ચે દિલ પર સાહિબ રાજી' જે પણ હોય સચ્ચાઈ ભગવાનને જીતી લે છે. 'સત્યતા મહાનતા છે' અને સ્વયં નમે છે તે મહાન છે. જો કલ્યાણ માટે નમવું પડે તો તે નમવું નથી પણ મહાનતા છે. અનેકોની સેવા માટે મહાનને નમવું પડે છે. સત્યતા અર્થાત્ રોયલ્ટી. સત્યતાની જ માન્યતા છે. સત્યતાની સત્તાથી બીજાઓને પણ કહો છો અમે આત્મા છીએ. એ રીતે સત્ય બાપ (પરમાત્મા)નો પરિચય મળતાં આપણે અધિકારથી કહીએ છીએ કે પરમાત્મા અમારા બાપ છે. વારસાના અધિકારની શક્તિથી કહો છો અમે પરમાત્માના છીએ અને પરમાત્મા અમારા છે.

સત્ શબ્દના બે અર્થ છે. એક સાચું અર્થાત્ સત્ય. બીજું સત્ અર્થાત્ અવિનાશી. તો પરમાત્મા સત્ય પણ છે અને અવિનાશી પણ છે. ભક્ત લોકો પણ ભગવાનની મહિમા ગાય છે. 'સત્યમ્, શિવમ્, સુંદરમ્' સત્ય પણ માને છે અને અવિનાશી પણ માને છે. ભગવાન સત્ય છે. તો સત્ય બાપ દ્વારા સત્યતાની સત્તાનો વારસો મળે છે. સત્યતાની સત્તાવાળાઓનું ગાયન છે. 'સત્યથી મીઠું કંઈ નથી.' સત્યની નાવ હલશે પણ ડૂબી શકશે નહીં. આપને કોઈ ગમે તેટલા હલાવવાની કોશિશ કરે અને કહે કે આ અસત્ય છે, કલ્પના છે પરંતુ સત્યથી મીઠું કંઈ નથી. આપ સત્યતાની મહાનતાના નશામાં સદા ખુશીના ઝૂલામાં ઝૂલતા રહો છો. જેટલા આપને પાલવે તેટલા વધારે ઝૂલામાં ઝૂલો છો.

સત્યતાની શક્તિ સમગ્ર પ્રકૃતિને સતોપ્રધાન બનાવી દે છે. યુગને સતયુગ બનાવી દે છે. સર્વ આત્માઓનું ભાગ્ય ખોલી દે છે. દરેક આત્મા પોતાની સત્યતાની શક્તિ દ્વારા યથાશક્તિ પોતાના ધર્મમાં પોતાના સમયે ગતિ બાદ સદ્ગતિમાં આવશે. સત્યતા પારસ સમાન છે. આપની સત્યતાની શક્તિ આત્માને, પ્રકૃતિને, સર્વ સામગ્રીને, સર્વને સતોપ્રધાન બનાવી દે છે. તમોગુણનું નામોનિશાન સમાપ્ત કરી દે છે. સત્યતાની શક્તિ આપના નામને, રૂપને સત્ય અર્થાત્ અવિનાશી બનાવી દે છે. અડધું કલ્પ ચૈતન્યરૂપમાં, અડધા કલ્પમાં ભક્તો આપનું નામ લેશે. આપના બોલ સત્, વચનના રૂપમાં ગાવામાં આવે છે. આપની સત્યતાની શક્તિથી આપનો દેશ અવિનાશી બની જાય છે. વેશ પણ અવિનાશી બની જાય છે. આપની દિનચર્યા પણ સત્ બની ગઈ છે. દરેક કર્મ અને કર્તવ્યની યાદગાર બની જાય છે. તો જ્યાં સત્યતા છે. સત્ બાપ (પરમાત્મા) છે. ત્યાં હંમેશાં વિજય થાય છે.

સત્યતાને શીતળતાની શક્તિથી સિધ્ધ કરો, ત્યારે સત્યતાને જાણી શકાશે. સત્યતા અને શીતળતા બંને શક્તિઓ સાથે જોઈએ. કારણ કે આજના વિશ્વનો દરેક મનુષ્ય કોઈને કોઈ અગ્નિમાં સળગી રહ્યો છે. આવી આગમાં સળગતા આત્માને પહેલાં શીતળતાની શક્તિથી શીતળ કરો. તો સત્યતાની સર્વ શક્તિને જાણી શકાશે. શીતળતાની શક્તિ કોઈપણ અગ્નિમાં સળગતા આત્માને શીતળ બનાવી સત્યતાની શક્તિને ધારણ કરવા યોગ્ય બનાવી દે છે.

સત્યતા જરા પણ બનાવટી ના હોય. બોલમાં, કર્મમાં, સંબંધ સંપર્કમાં બનાવટ ના હોય. એવું ના હોવું જોઈએ કે વૃત્તિમાં એકવાત હોય અને

બોલમાં બનાવટી ભાવ હોય. રોયલ આત્માનો ચહેરો અને આચરણ બંને સત્યતાની સભ્યતાનો અનુભવ કરાવશે. રોયલ આત્માઓને સત્યતાની દેવી કહેવાય છે. એનું બોલવું, જોવું, ચાલવું, ખાવું, પીવું, ઉઠવું, બેસવું દરેક કર્મમાં સભ્યતા, સત્યતા સ્વાભાવિક રીતે દેખાશે. સત્યતાની રોયલ્ટીને કોઈ છુપાવી શકતું નથી. ના કોઈ કારણ કે ના કોઈ વ્યક્તિ છુપાવી શકે છે.

સત્ય સદાયે સત્ય જ છે. સત્યતાની શક્તિ સૌથી મહાન છે. સત્યતા સિધ્ધ કરવાથી સિધ્ધ થતી નથી. સત્યતા સ્વયં જ સિધ્ધ થાય છે. એને સિધ્ધ કરવાની જરૂર નથી. અસત્યતાને સમાપ્ત કરવા માટે સત્યતાની શક્તિ જોઈએ. સત્યતાને સિધ્ધ કરનારા સ્વયં નિર્માણ થઈને સભ્યતાપૂર્વક વ્યવહાર કરશે.

પરમાત્મા સત્ય છે, આત્મા સત્ય છે, જ્ઞાન સત્ય છે અને બ્રાહ્મણ જીવન પણ સત્ય છે. સત્યતાનો ઝંડો પહેલાં ફરકાવવો પડશે. ત્યારે સત્યતાની વિશેષતાની ચમક વધશે અને ભારત તો શું વિશ્વ સુધી ફેલાશે. સત્યતા, સ્વચ્છતા, વિધિપૂર્વક અનુભવમાં લાવો છો તો તમે પવિત્ર છો.

॥ ૐ શાંતિ ॥ - બ્ર.કુ. કાલિદાસ

# શ્રધ્ધાંજલિ

જન્મ
તા. ૦૩-૦૪-૧૯૪૩



સ્વર્ગસ્થ
તા. ૦૧-૦૧-૨૦૨૬


## ડો. કાલિદાસ ધુળાભાઈ પ્રજાપતિ



રાજયોગિની ભારતીદીદી
જ્ઞાનામૃતના પ્રકાશક
તથા
ડાયરેક્ટર, બ્રહ્માકુમારીઝ
ગુજરાત ઝોન

ઓમશાંતિ...... મીઠા પ્યારા બાપદાદા, સર્વ દાદીઓ, વરિષ્ઠ ભાઈઓ તથા ગુજરાત ઝોનના બેહદ ઈશ્વરીય પરિવારના અતિ લાડલા, યજ્ઞના સમીપ, અથક સેવાધારી એવા આપણા સૌના વિશેષ બ્ર. કુ. ડૉક્ટર કાલિદાસભાઈ આજે આપણી વચ્ચે રહ્યા નથી. આદરણીય કાલિદાસભાઈનું શરૂઆતથી બેહદ સેવાનું એક વિશેષ લક્ષ્ય રહ્યું હતું. લેખનની સેવાઓ સાથે ઘણી બહેનોને પણ પ્રવચન શીખવતા. મનસા, વાચા, કર્મણા અને સર્વ પ્રકારની બેહદની સેવાઓમાં સદા અગ્રેસર રહેતા. આજે પણ મીઠા બાપદાદા સૂક્ષ્મ સ્વરૂપે તેઓના દ્વારા આગળ ભવિષ્યમાં પણ ઘણી અનેક વિશેષ સેવાઓ અચૂક કરાવતા રહેશે. ગુજરાત ઝોનના સર્વ સેવાકેન્દ્રોના ટીચર બહેનો, ગુજરાતના બેહદના ઈશ્વરીય પરિવાર તરફથી **બ્ર.કુ. ડો. કાલિદાસભાઈને દિલની સ્નેહભરી શ્રદ્ધાંજલિ અર્પણ...** નમસ્તે...


# બ્ર.કુ. કાલીદાસભાઈને શ્રદ્ધાંસુમન... શ્રદ્ધાંજલિ...



રાજયોગી બ્ર. કુ. કરુણાભાઈ
(જનરલ સેક્રેટરી તથા ચીફ
ઓફ મલ્ટીમીડિયા)
બ્રહ્માકુમારીઝ, મુખ્યાલય,
માઉન્ટ આબુ.

ઓમ શાંતિ,

ગુજરાતના સર્વ દૈવી પરિવાર પ્રતિ, આપણે સૌ બ્ર.કુ. કાલિદાસ-ભાઈને ખૂબ નજીકથી ઓળખીએ છીએ. તેઓ એક પ્રોફેસરના હોદ્દાએ રહી ગુજરાતી જ્ઞાનામૃતના તંત્રી સ્થાનેથી સેવાઓ આપી. વિશ્વના ખૂણે ખૂણે જ્યાં ગુજરાતીઓ રહે છે ત્યાં સુધી ઈશ્વરીય સંદેશ આપવા માટે તેઓ નિમિત બન્યા. પ્રોફેસરનું કાર્ય કરતાં કરતાં તેઓએ ગુજરાત રાજ્યસ્તરની મીડિયા વિંગ્સના કોર્ડીનેટર રૂપે સેવાઓ આપી. તેઓએ તેમનાથી શક્ય હોય તેટલા પ્રમુખ સમાચારપત્રો અને જુદા-જુદા મેગેઝીનો દ્વારા, પ્રવચનો દ્વારા પણ ખૂબ સેવાઓ કરતા રહ્યા. તેમણે ઘણા બ્રહ્માકુમાર ભાઈ બહેનોને ઈશ્વરીય જ્ઞાન દ્વારા માર્ગદર્શન આપ્યું. સ્વભાવે ગંભીરતા અને ઈશ્વરીય પરિવારમાં સૌના એક આદર્શ બનીને ગયા. તેઓની વિશેષતાઓથી આજે આપણે સૌ તેમને વિશેષ યાદ કરી રહ્યા છીએ. હવેથી તેઓ સૂક્ષ્મમાં પણ આપણને સર્વને ખૂબ પ્રેરણા આપતા રહેશે, એવી શુભ આશા સાથે. પરમાત્માની સ્મૃતિમાં આપ આત્માને મીઠી યાદોના પુષ્પો સાથે સમર્પિત કરું છું.



રાજયોગિની ચંદ્રિકાબેન,
સંચાલિકા -
મહાદેવનગર સબઝોન,
અમદાવાદ
અધ્યક્ષા યુવા પ્રભાગ તથા
કલા સંસ્કૃતિ પ્રભાગ(RERF)

### જ્ઞાનસાગરમાં ઊતરેલો મરજીવો - ડોક્ટર કાલિદાસભાઈ પ્રજાપતિ

મે 1973માં આશ્રમ રોડ ખાતે આયોજિત રાજયોગ શિબિરમાં એક એવી દિવ્ય અને વિરલ વિભૂતિનો પ્રાદુર્ભાવ થયો, જેમણે પોતાની તીક્ષ્ણ બુદ્ધિ, વૈચારિક પ્રખરતા અને આધ્યાત્મિક દ્રષ્ટિથી ધરતી પર અવતરિત થયેલા પરમાત્મા શિવને ઓળખી લીધા. એવું મહાન વ્યક્તિત્વ ધરાવકી હતા – ડોક્ટર કાલિદાસભાઈ પ્રજાપતિ.

ગુજરાતી સાહિત્યમાં એમ.એ. પદવી ધરાવનાર તથા પીએચ.ડી. જેવી ઉચ્ચતમ શૈક્ષણિક સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર ડોક્ટર કાલિદાસભાઈ માત્ર વિદ્વાન નહોતા, પરંતુ તેઓ એક સજ્જન સાધક, જ્ઞાની-યોગી અને સેવા-સમર્પિત આત્મા હતા. પરમાત્મા શિવને ઓળખ્યા બાદ માત્ર છ માસમાં જ પોતાની સમગ્ર બુદ્ધિ સમર્પિત કરી, તન - મન - ધન - સમય - સંકલ્પથી પરમાત્માના કાર્યમાં સંપૂર્ણ રીતે જોડાઈ ગયા.

### જ્ઞાનામૃતના અનુસંધાનમાં જીવનભરની યાત્રા

જેમ મરજીવો સાગરના ઊંડાણમાં ઉતરી મોતી શોધી કાઢે છે, એમ જ ડો. કાલિદાસભાઈ જ્ઞાનસાગરના ઊંડાણમાં જઈ જ્ઞાનરત્નોને શોધી લાવતા. એ જ્ઞાનને તેમણે એવી સરળ, સુગમ અને લોકભોગ્ય ભાષામાં રજૂ કર્યું કે સામાન્ય માનવી

પણ તેને સહજ રીતે સમજી શકે. તેમની વિશેષતા માત્ર ઊંડું જ્ઞાન નહીં, પરંતુ તેને લોકહિતમાં ઉપયોગી બનાવવાની અદભુત કળા હતી.

1973થી અવિરત સેવાયાત્રા દરમિયાન તેમણે અસંખ્ય આત્માઓના જીવનમાં પરિવર્તન લાવ્યું. અનેક લોકોને પુરુષાર્થની નવી દિશા આપી, જીવનને અર્થસભર બનાવવામાં નિમિત બન્યા. યજ્ઞપ્રતિ અનન્ય પ્રેમ, યજ્ઞસ્નેહી ભાવ, યજ્ઞરક્ષક તરીકેની જવાબદારી, માતા-બહેનો પ્રત્યે અપાર સન્માનભાવ – આ બધું તેમના જીવનનું સ્વાભાવિક આભૂષણ હતું.

### લેખન, વાણી અને વર્તન – ત્રણેયમાં સમાન દિવ્યતા

ડોક્ટર કાલિદાસભાઈની સેવા માત્ર લેખન સુધી સીમિત નહોતી. તેમની વાકચાતુર્યભરી, મધુર વાણી, તર્કસંગત વિચારશૈલી અને ગહન જ્ઞાનસમજ દ્વારા તેમણે હજારો લોકોના જીવનમાં પ્રકાશ પાથર્યો. તેમની વાતોમાં કઠિન તત્વજ્ઞાન પણ સરળ બની જતું અને શ્રોતાઓના હૃદય સુધી સીધું પહોંચતું.

સાદગીપૂર્ણ જીવન જીવતા ડોક્ટર કાલિદાસભાઈ યુવાનો માટે પણ એક આદર્શ હતા. જીવનમાં કાર્યક્ષેત્રની પસંદગી હોય કે સફળતાની દિશા – દરેક ક્ષેત્રે તેમણે યુવાઓને સચોટ માર્ગદર્શન આપ્યું. તેમના માર્ગદર્શન હેઠળ અનેક યુવાઓએ પીએચ.ડી. જેવી ઉચ્ચ શૈક્ષણિક સિદ્ધિઓ પ્રાપ્ત કરી, જે તેમની દ્રષ્ટિ, પ્રેરણા અને માર્ગદર્શક શક્તિનો જીવંત પુરાવો છે.

### વિરલ વ્યક્તિત્વને સ્નેહસભર નમન

ડોક્ટર કાલિદાસભાઈ પ્રજાપતિ માત્ર એક વ્યક્તિ નહોતા, તેઓ એક સંસ્થા હતા – જ્ઞાનની, સેવાની, સ્નેહની અને સમર્પણની. તેમનું જીવન એ સાબિત કરે છે કે સાચું જ્ઞાન ત્યારે જ સાકાર થાય છે જ્યારે તે માનવ કલ્યાણમાં રૂપાંતરિત થાય.

આવી વિરલ વિભૂતિને શબ્દોમાં પૂરતી રીતે વર્ણવી શકાય એમ નથી. તેમ છતાં, આ લેખ માત્ર એક નમ્ર પ્રયાસ છે - એક જ્ઞાની - યોગી તુ આત્માને, એક મહાન સેવાધારી વ્યક્તિત્વને, એક દિવ્ય માર્ગદર્શકને સ્નેહસભર શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો. **ડો. કાલિદાસભાઈ પ્રજાપતિને શત શત નમન. તેમની સ્મૃતિ અમને સદૈવ સેવા, સત્ય, સમર્પણ અને સાધનાના માર્ગે પ્રેરણા આપતી રહે.**




બ્રહ્માકુમારી રંજનબેન
સંચાલિકા,
સુરત-વલસાડ સબઝોન
તથા
ઝોનલ કો-ઓર્ડિનેટર,
મીડિયા વિંગ, ગુજરાત

ઓમશાંતિ,

ગુજરાતની સેવાનાં આદિરત્ન, ગુજરાતી ભાષાના સામયિક 'જ્ઞાનામૃત' 1976થી તંત્રી પદે રહેનાર આદરણીય કાલિદાસભાઈજી બાબાના નમ્ર અને મૂક સેવક હતા. ગુજરાતી ભાષાના પ્રોફેસર હોવાથી ગુજરાતી ભાષા ઉપર તેમની સારી પકડ હતી, તેથી જ સામયિકનું તંત્રીપદ એમણે સુપેરે સંભાળ્યું. એમણે જ્ઞાનામૃત દ્વિમાસિકમાંથી માસિક પણ બનાવ્યું. આદરણીય કાલિદાસભાઈને વિદ્યાલય દ્વારા મીડિયા વર્ગની સેવા સોંપાઈ હતી. તેથી એમના ઘણા તંત્રીઓ, પત્રકારો, વર્તમાનપત્રોના માલિકો તથા કટાર લેખકો સાથે ઘનિષ્ઠ સંપર્કો રહ્યા. વર્ષો સુધી વર્તમાનપત્રોમાં સાપ્તાહિક કટાર ચલાવીને પણ

એમણે લોકોને બાબાનો સંદેશ આપ્યો. આદરણીય કાલિદાસભાઈ હંમેશાં ધીરગંભીર, શાંતિપ્રિય, સહૃદયી અને કાર્ય પ્રત્યે સમર્પિત રહ્યા. બહેનો દ્વારા સંચાલિત આ વિદ્યાલયમાં તેમણે કદી ફ્રન્ટમાં દેખાવાની ખેવના ન રાખી, પરંતુ તેઓ બેકસ્ટેજમાં રહીને યજ્ઞરક્ષક બની રહ્યા. અલૌકિક પરિવારમાં પણ તેમના સૌની સાથે મધુરતાપૂર્ણ સંબંધ રહ્યા. મીડિયા વિંગના ઝોનલ કો-ઓર્ડિનેટર તરીકે હું **કાલિદાસભાઈને મારી સસ્નેહ શ્રદ્ધાંજલિ** અર્પું છું. એમની સેવાઓ હંમેશાં યાદ રહેશે.



**બ્રહ્માકુમારી ડો. નંદિની,**
**સુખશાંતિ ભવન,**
**મણિનગર,**
**અમદાવાદ.**
**જ્ઞાનામૃત (દિવ્ય દર્શન)**

9 વર્ષની અવિરત ' દિવ્યદર્શન 'ની કોલમમાં એક નાનકડા વિરામ બાદ પુન: કલમની શરૂઆત આદરણીય કાલિદાસભાઈને શ્રદ્ધાસુમન આપવાથી શરૂ કરવાનું થશે... તેવી તો ક્યારેય મેં કલ્પના પણ કરી ન હતી. આજની કલમ આદરણીય બ્ર.કુ.ડો.કાલિદાસભાઈને સમર્પણ.

ગુજરાતના આદિ રતન, બાપદાદા, દાદીઓ, યજ્ઞના વરિષ્ઠ ભાઈઓના સમીપ, વરિષ્ઠ દીદીઓના દિલમાં સ્થાન પામનારા, બાબાની શ્રીમત અને આજ્ઞાનું પ્રત્યેક ડગલે અનુસરણ કરનારા, તીવ્ર પુરુષાર્થી બ્રહ્માકુમાર ડો. કાલિદાસભાઈ પ્રજાપતિ બાપસમાન બનવાના લક્ષ્ય સાથે અવ્યક્ત માસના પ્રથમ દિવસે તારીખ 01-01-2026 સદ્‌ગુરુવારે સવારે 6.00 કલાકે અવ્યક્ત વતનમાં બાપદાદાની ગોદમાં સમાઈ ગયા.

તારીખ 24 મે, 1973માં અમદાવાદના નારણપુરા (અમરનાથ) સેવાકેન્દ્ર પર કાલિદાસભાઈ અને યુગલ જશોદાબેનમાં (52 વર્ષ પૂર્વ) આદરણીય ચંદ્રિકાદીદીજી દ્વારા ઈશ્વરીય જ્ઞાનનું બીજારોપણ થયું. ઈશ્વરીય જ્ઞાન, યોગની તીવ્ર લગન, સેવાનો અનેરા ઉમંગે તેમના બ્રાહ્મણ જીવનને દિવ્ય બનાવી દીધું. યોગસાધનામાં રહીને સમગ્ર ગુજરાતના બ્રાહ્મણ પરિવારની વિવિધ પ્રકારે ખૂબ અથક સેવાઓ કરી.

બહુમુખી પ્રતિભાસંપન્ન, અનેક વિશેષતાઓથી સજ્જ, સ્વભાવે નમ્ર, વિવેકી, મૃદુભાષી, મિતભાષી, ધીર-ગંભીર, શાંત-સૌમ્ય, કર્મઠ, નિષ્ઠાવાન, એકાંતપ્રિયની સાથે-સાથે સમાવવાની અને સહનશીલતાની મૂર્તિ એટલે આપણા કાલિદાસકાકા.

બ્રહ્માકુમારીઝ સંસ્થાનું ગુજરાતી ભાષાનું મુખપત્ર 'જ્ઞાનામૃત' વર્ષ 1972 થી શરૂ થયું. જેના પૂર્વ તંત્રી કેશુભાઈની સાથે (3 વર્ષ) સેવાઓ આપી. ' જ્ઞાનામૃત ' ની સેવાને આગળ ધપાવવા આદરણીય મોહનભાઈ સિંગલે કાલિદાસભાઈમાં રહેલી કળાને પારખી લીધી અને આદરણીય દાદી પ્રકાશમણીજી, આદરણીય ચંદ્રિકાદીદી અને આદરણીય સરલાદીદી પાસે કાલિદાસભાઈના નામનો પ્રસ્તાવ મુક્યો. ત્યારબાદ સ્વતંત્ર તંત્રીપદનું સુકાન 1976 થી (50 વર્ષ) અવિરત અને અખંડ સંભાળ્યું. જેમાં નિર્વિઘ્ન, એકરસ, સમયબદ્ધ અને સાતત્યપૂર્ણ રીતે તેમની કલમ દ્વારા બાબાનો સંદેશ જન-જન સુધી પહોંચાડવાનું કાર્ય જીવનના છેલ્લા શ્વાસ સુધી ચાલુ રાખ્યું. છેવાડાના લોકો સુધી આધ્યાત્મિક જ્ઞાનને પહોચાડવા તેમની ગજબની લેખન શક્તિ, સંપાદનકળા અને સંકલ્પોને શબ્દોમાં કંડારવાની બેખૂબીથી સેંકડો પરિવારજનોને નવી રાહ

ચીંધવાનું કાર્ય કર્યું. જ્ઞાનામૃતને સમયાંતરે નવું રૂપ આપી, નવા કલેવરમાં રજૂ કરવાની તેમની અનુઠી કોઠાસૂઝ હતી.

કાલિદાસભાઈની શૈક્ષણિક યાત્રા 1961માં માધ્યમિક શાળાના એક સામાન્ય શિક્ષક તરીકે માત્ર સને 1961માં S.S.C. પાસ સાથે શરૂ થઈ. 1965માં ગુજરાતી અને સંસ્કૃત વિષય સાથે BAનો અભ્યાસ પૂર્ણ કરી, 1966માં સીનીયર HSS થયાં તથા ગુજરાતી અને હિન્દી વિષયમાં વર્ષ 1969માં MA કર્યું. સંશોધનનો જીવ હોવાથી સંશોધકની યાત્રા 1992માં પૂર્ણ કરી. ડો. કુમારપાળભાઈ દેસાઈના માર્ગદર્શનમાં ગુજરાત યુનિવર્સિટીમાંથી 'શિવકુમાર જોષીનું 'નવલકથાસાહિત્ય' વિષય ઉપર સંશોધન કરી Phd.ની પદવી હાસિલ કરી. શિક્ષક તરીકે સાબરમતી હાઈસ્કૂલ, ગીતા હાઈસ્કૂલ લાંભા, સરસપુર વિદ્યાવિહારમાં 6 વર્ષ જુદી જુદી શાળાઓમાં શિક્ષક તરીકે પ્રસંશનીય કામગીરી કરી. ત્યાર બાદ અમદાવાદ પાલડીમાં આવેલી એસ. એલ. યુ. આર્ટસ એન્ડ એચ. એન્ડ પી. ઠાકોર કોમર્સ કોલેજ ફોર વિમેનમાં 35 વર્ષ (1969 થી 2005) ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર પદે રહ્યા.

મોતીના દાણા સમાન એક સરખા, મરોડદાર, સ્વચ્છ અક્ષરો એ પ્રોફેસર કાલિદાસ-ભાઈની આગવી ઓળખ હતી. શૈક્ષણિક કારકિર્દીની સાથે સાથે વિદ્યાર્થીઓને મનોબળ આપી શ્રેષ્ઠ જીવનની રાહ બતાવી. નિવૃતિકાળમાં પણ IASના ટ્રેનીંગ સેન્ટરમાં પ્રાધ્યાપક રૂપે 12 વર્ષ સુધી સેવાઓ અર્પણ કરી. આમ અધ્યયન અને અધ્યાપન ક્ષેત્રે લગભગ 70થી વધુ વર્ષ ગળ્યા.

પ્રોફેસર કાલિદાસભાઈએ બ્રહ્માકુમારીઝ સંસ્થાના મીડિયા પ્રભાગના ગુજરાત રાજ્યના કોર્ડીનેટરના પદે 48 વર્ષ સુધી સેવાઓ આપી. અમદાવાદ અને ગુજરાતના અનેક સમાચાર-પત્રોના માલિકો, તંત્રીઓ, લેખકો સાથે તેમનો સીધો સંપર્ક, આત્મીય સંબંધ થકી એમણે અનેક દૈનિક છાપાઓમાં કોલમો, લેખો અને સમાચારો દ્વારા પરમાત્માનો સંદેશ આપવાની બેહદ સેવામાં વિશેષ પાર્ટ ભજવ્યો. રાજયોગીની સરલાદીદીની મમતામયી પાલના થકી તેઓએ મીડિયા જગતની સેવાઓનો વ્યાપ વધાર્યો. તેમના નેતૃત્વમાં બી.કે. ભાઈ-બહેનોને તાલીમ આપી મીડિયા ટીમનો વિસ્તાર કર્યો. સાથે-સાથે જીવનપર્યંત અનેક મીડિયા કર્મીઓની વ્યક્તિગત સેવા કરી સેવાકેન્દ્રો સાથે તેમના ઘનિષ્ઠ સબંધો કેળવ્યા.

ડો. કાલિદાસભાઈ તંત્રીની સાથે લેખક, વિચારક અને સમાજ સુધારક પણ રહ્યા. લૌકિકમાં પણ સમાચાર જગતમાં 1972 થી 1973 સુધી ગુજરાતના પાટનગરથી ' ગાંધીનગર સમાચાર સાપ્તાહિક' છાપું શરૂ કરી, સંપાદક રૂપે પ્રજાના પ્રશ્નોને વાચા આપી. પ્રો. કાલિદાસભાઈનું સામાજિક ક્ષેત્રે પણ બહુમૂલ્ય યોગદાન રહ્યું છે. સમાજસેવાની ઊંચી ભાવના સાથે પ્રજાપતિ સમાજના સંકલનમાં રહેતા ઈ.સ. 1961થી 'સભા' સામાયિકમાં તેમના 'પીનાક' ઉપનામથી અનેક કૃતિઓ પ્રકાશિત થતી. ગુજરાત પ્રજાપતિ સમાજમાં 1976 થી 1980 મંત્રી પદની જવાબદારી પણ નિષ્ઠાપૂર્વક નિભાવી. પ્રજાપતિ સમાજના પ્રકાશિત 'પ્રજાપતિ માસિક મેગેઝિનમાં 5 વર્ષ તંત્રી પદે રહ્યા. પ્રજાપતિ સમાજના 1976માં 50 વર્ષ પૂર્ણ થતાં 'સુવર્ણ જયંતિ મહોત્સવ'ના પ્રસંગે 'શ્રી ગુજરાત પ્રજાપતિ સભા' નામક એક દળદાર ગ્રંથની રચનાની સંપાદન સમિતિમાં લેખક રહ્યા. 'ગુજરાત પ્રજાપતિ યુવક સંઘ'ના કન્વીનર તરીકે પણ કામ કર્યું. ગુજરાત પ્રજાપતિ સભા( સમાજ )ના 'ગુજરાત પ્રજાપતિ પરિચય ગ્રંથ'ની સંપાદન

સમિતિમાં સંવાહક તરીકે પણ ફરજ અદા કરી.

તેઓ અમદાવાદમાં ઘણા સેવાકેન્દ્રો અને ગીતા પાઠશાળાની શરૂઆતના સમયમાં બ્ર. કુ. બહેનો સાથે વિવિધ વિષયો પર કલાસ કરાવવા, કોર્ષ કરાવવા, નવા જિજ્ઞાસુને જ્ઞાનની પાલના કરવાની સેવાઓ પણ અચૂક આપતાં. સેવાના કોઈ નાના-મોટા કાર્યક્રમ હોય, દરેક કાર્યક્રમમાં બ્રહ્માકુમારી બહેનોની આજ્ઞા અનુસાર પ્રવચન, યોગ કે પ્રદર્શનની સેવામાં પણ સહપરિવાર સદા હાજર રહેતા. નારણપુરા સ્થિત હોસ્ટેલમાં કુમારીઓને પ્રશિક્ષણની સાથે-સાથે અધ્યાપકની રૂહે કન્યાઓના લૌકિક અભ્યાસમાં પણ માર્ગદર્શન આપી મદદરૂપ બનતા. નાની બ્રહ્માકુમારી બહેનોને શરૂઆતમાં પ્રવચન પણ લખી આપી વકતૃત્વકળા શીખવતા.

લૌકિક પરિવારમાં કુળદીપક સમાન દીકરી બ્ર.કુ. નયનાબેન જેઓ રાણપુર સેવાકેન્દ્રના નિમિત સંચાલિકા છે. આજ્ઞાકારી દીકરો હરીશભાઈ, સુશીલ પુત્રવધુ કલ્પનાબેન અને ગુણવાન પૌત્ર ધીમંતભાઈ પૌત્રવધુ સૃષ્ટિબેન તથા પૌત્ર મીતભાઈ પણ આજદિન સુધી અથક બની સેવા આપી રહ્યા છે. મુકસેવક કાલિદાસભાઈની સફળતા પાછળ ભોળા સ્વભાવવાળા જશોદા-બેનનો સંપૂર્ણ સાથ, સહયોગ, ટેકો, મદદ અને શુભભાવનાઓ રહી છે. કાલિદાસભાઈના પ્રકાશન, પ્રિન્ટીંગના કાર્યમાં ખૂબ ઉમંગ-ઉત્સાહ સાથે કંઈક નવું શીખવાની ખેવના રાખી જશોદાબેન પોતાની આગવી સૂઝ સાથે હમેશાં જોડાઈ મદદરૂપ રહ્યા.

'એક બાબા દુજા ન કોઈ' મંત્રનો પાઠ કાયમ પાકો રાખતા અને સતત પુરુષાર્થની તીવ્ર લગનમાં મગન રહેતા. મહાયજ્ઞમાં દાદીઓ અને વરિષ્ઠ ભાઈઓની પણ ખૂબ સમીપ રહ્યા. તેથી 'બાળક સો માલિક'નો પાઠ સદા યાદ રાખી યજ્ઞ સેવા અને ઉન્નતિ માટે પોતાના વિચારો પણ ટ્રસ્ટી બનીને આપતાં.

આવા બહુમુખી પ્રતિભાના ધની, વિરલ વિભૂતિ બ્ર. કુ. ડો. કાલિદાસભાઈ પ્રજાપતિ સાકારમાં આજે આપણી વચ્ચે રહ્યા નથી. પણ તેમની કલમ દ્વારા લખાયેલા શબ્દો, કમ્પ્યુટર દ્વારા કંડારાયેલું સાહિત્ય તથા સાચા મન અને દિલથી કરેલી તેમની સેવાઓની સ્મૃતિઓમાં સદાય આપણી સાથે છે, સૂક્ષ્મમાં પણ સદા રહેશે. એવા **આદરણીય રાજયોગી બ્રહ્માકુમાર પ્રોફેસર ડો. કાલીદાસભાઈને કોટી કોટી શ્રદ્ધાંજલિ... શત્ શત્ નમન...**



બ્ર.કુ. ઉમેશ,
ઉમરગામ
મીડિયા ટીમ તરફથી

## આદરણીય કાલિદાસભાઈજી ખૂબ જ સહૃદયી હતા

ડો. કાલિદાસ પ્રજાપતિ, પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના ગુજરાતી મુખપત્ર 'જ્ઞાનામૃત'ના તંત્રીનું એ નામ. તેઓ હવે સદેહે આપણી સાથે નથી. માત્ર તેઓના કાર્યોની સુવાસ રહી છે. આ મુખપત્રના તત્કાલીન તંત્રી બ્ર.કુ. કેશવભાઈ પાસેથી તેમણે સુકાન સંભાળ્યું. અડધી સદી ઉપરાંતની મજલ તેમણે આ સામયિક સાથે કાપી. એ દરમિયાન સામયિક દ્વિમાસિક-માંથી માસિક પણ બન્યું. કામનો બોજ બમણો થયો. પરંતુ એનું પ્રકાશન વધુ નિયમિત અને

સમયસર થયું. પ્રકાશન અને વિતરણના એમના સાથીઓનો ઉચિત સહકાર પણ એમાં ખરો.

અગાઉ હું 'જ્ઞાનામૃત' માં નિયમિત લેખો મોકલતો. મારો પ્રથમ લેખ 'એકાદશી કરીએ તો વૈકુંઠ પામીએ' દાયકાઓ અગાઉ છપાયો એની મને ખૂબ ખુશી થઈ હતી. ત્યાર પછી અનેક લેખો છપાયા. મારી એમની સાથે પ્રથમ રૂબરૂ મુલાકાત તો પ્રથમ લેખ છપાયાના 14 વર્ષ પછી થઈ. તે વખતે એમણે મને લેખો નિયમિત મોકલવાનું સૂચન કર્યું.

ત્યાર પછી તો મિટીંગોમાં, ભઠ્ઠીઓમાં અને મધુબનમાં મીડિયા સેમિનારોમાં વારંવાર મળવાનું થતું રહ્યું. તેઓ ખૂબ ઉષ્માપૂર્ણ - સહૃદયતાથી મળતા. મળતી વખતે સ્વાસ્થ્ય વિષે અચૂક પૂછતા.

મેં જોયું કે ગુજરાતીના પ્રોફેસર હોવાથી એમને 'જ્ઞાનામૃત' માં ભાષા શુદ્ધિ અને વ્યાકરણ વિષે ખૂબ ચીવટ હતી. હું જાણું છું કે પ્રકાશન ક્ષેત્રમાં પ્રૂફ રીડિંગ મહત્વનું હોય છે. તેઓ પ્રૂફ રીડિંગ જાતે કરતા, આંખો નબળી હોવા છતાં.

તંત્રી હોવાને નાતે દર મહિને તંત્રી-લેખ લખવાનો રહેતો. સાથે સાથે અનેક છાપાઓમાં તેઓ સાપ્તાહિક કટાર પણ ચલાવતા રહ્યા. દરમિયાન એમણે પીએચ.ડી.ની ડિગ્રી પણ મેળવી. મેં એમની થીસીસના વિષય અંગે એમની સાથે વાત કરી હતી. વિષય અત્યારે તો યાદ નથી.

તેમનામાં ઘમંડનો સાવ અભાવ હતો. પડદાની પાછળ રહીને નિમિત્ત અને મોટા દાદી-દીદી તરફથી મળતી આજ્ઞાનું પાલન કરવું એને પોતાનો ધર્મ માનતા. તેથી તેઓ મોટાઓના ભરોસાપાત્ર રહ્યા.

પરંતુ છેલ્લાં પાંચેક વર્ષ દરમિયાન તેમનું સ્વાસ્થ્ય કથળી જઈ રહ્યું હતું એ જોઈ શકાતું હતું. હવે તેઓ એમના દીકરાના સહારે મધુબનમાં આવતા હતા. આંખો વધુ નબળી બની હતી.

આખરે 21મી સદીનાં પ્રથમ 25 વર્ષ પૂરા થતાં જ બીજી પચીસીના પ્રથમ દિવસે સ્મૃતિ માસની શરૂઆતમાં આ સૃષ્ટિ નાટકના અન્ય કોઈ મહત્વના અંક તરફ તેઓ ચાલી નીકળ્યા. એમની નમ્રતા, સાદાઈ, સરળતા અને ખંત માટે તેઓ હંમેશાં યાદ રહેશે. એમણે સિંચેલ 'જ્ઞાનામૃત'નો છોડ હવે તો મજબૂત વૃક્ષ બની ચૂક્યો છે. એના સંવર્ધનની જવાબદારી હવે આપણી છે.

**આદરણીય ડોક્ટર કાલિદાસભાઈને સ્નેહભરી શ્રદ્ધાંજલિ ...**

---

(પેજ નં. 27નું અનુસંધાન)... **આલોચના પીતા**

પસાર થયા તો લોકોએ કહ્યું કે ઘોડો શું કામ નો? કોઈ તો બેસી શકે છે, પિતાએ બાળકને ઘોડા પર બેસાડ્યો આગળ વધ્યા, બીજા ગામના ભાદરથી પસાર થયા ત્યારે લોકો એ કહે યુવાન દીકરો ઘોડા ઉપર બેઠો છે અને ઘરડા પિતા ચાલીને જઈ રહ્યા.

પિતાએ દીકરાને ઉતારી પોતે બેઠા, ત્યારે લોકોએ કહ્યું કે ઘરડો બાપ ઘોડા પર બેઠો છે અને દીકરાને ચલાવે છે. પિતાએ પોતાની સાથે બાળકને પણ બેસાડ્યો ત્યારે લોકોએ કહ્યું, બંને જણ બેઠા છે ઘોડા ઉપર તો ઘોડો મરી જશે બંને બેસી ના શકે.

આમ વિશ્વમાં આલોચકો તો ગમે ત્યાં અને ગમે ત્યારે મળવાના, નહી હોય તો ઉભા થઈ જશે. પરંતુ આપણે શું કરવું છે એનો વિચાર આપણે કરવાનો છે. આપણે આલોચકોના અવગુણને પણ નજર અંદાજ કરી ગુણ ઉઠાવવાના છે.

'જબ કોઈ પ્રસંશા કરે ફૂલના નહિ, જબ કોઈ આલોચના કરે, આલોચના કો પીના શીખો. જિસ દિન આપ અપની આલોચના કો પીના શીખ જાયેંગે, ઉસ દિન સચમૂચ જીના શીખ જાયેંગે।'

**॥ ઓમશાંતિ ॥**

# પરમાત્મ ઊર્જા

## રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ



એક બાપ સાથે જ યોગ છે તો સહયોગ પણ એકની સાથે છે. યોગી અર્થાત્ સહયોગી. તો સહયોગથી યોગને જોઈ શકો છો. અગર કોઈ વ્યર્થ કર્મમાં સહયોગી બનો છો તો બાપના સદા સહયોગી રહ્યા? જે પહેલો પહેલો વાયદો કર્યો છે અને સદા સ્મૃતિમાં રાખીને દરેક કર્મ કરો છો કે ભક્તોની માફક ક્યાંક ક્યાંક બાળકો પણ બાપ સાથે ઠગાઈ તો નથી કરતાને? ભક્તોને કહો છો કે ઠગ ભગત છે. તો આપ લોકો ઠગાઈ તો નથી કરતા ને? અગર તારાને મારું સમજીને કામમાં લગાવો છો તો ઠગાઈ થઈ ને? કહેવું એક અને કરવું બીજું તેને શું કહેવાય છે? કહો છો તો એજ ને 'તન, મન, ધન, સબ તેરા' પછી આપનો એના ઉપર અધિકાર ક્યાંથી આવ્યો? જ્યારે અધિકાર નહીં તો તેને પોતાની મનમત પર કામમાં કઈ રીતે લગાવી શકો છો? સંકલ્પને, સમયને, શ્વાસને, જ્ઞાનધનને, સ્થૂળ તનને અગર કોઈ પણ એક ખજાનાને મનમતથી ગુમાવો છો તો ઠગત ના બન્યા? જન્મ જન્મના સંસ્કારોને વશ થઈ જાઓ છો. આ રીતે ક્યાં સુધી ચાલશે? જે વાત સ્વયંને પણ પ્રિય નથી લાગતી તે બાપને પ્રિય કઈ રીતે લાગે? સદા સ્નેહીને તો અતિ પ્રિય ચીજ આપવામાં આવે છે. તો સ્વયંને પૂછો કે ક્યાં સુધી પ્રીતની રીત નિભાવનારા બન્યા છો? પોતાને સદા હાઈએસ્ટ અને હોલીએસ્ટ સમજીને ચાલો છો?

જે હાઈએસ્ટ સમજીને ચાલે છે એમના એક એક બોલ કેટલા હાઈએસ્ટ હોય છે. બાપની મહિમા ગાઈએ છીએ કે ઊંચું એમનું નામ, ઊંચું એમનું ધામ અને ઊંચા કામમાં તત્પર છે. મહાન આત્મા બને છે તે કોઈને ઝૂકતા નથી. એની સામે બધા ઝૂકે છે. ત્યારે એમને મહાન આત્મા કહેવામાં આવે છે. જે આજકાલના એવા મહાન આત્માઓથી પણ મહાન, શ્રેષ્ઠ આત્માઓ, જે બાપના પસંદ કરેલા આત્માઓ છે, વિશ્વ રાજ્ય અધિકારી છે એવા આત્માઓ ક્યાંય પણ કોઈપણ પરિસ્થિતિમાં માયાના ભિન્ન ભિન્ન આકર્ષણ કરનાર રૂપોમાં શું સ્વયંને ઝુકાવી શકે?

॥ ઓમશાંતિ ॥

---

**(પેજ નં. 29નું અનુસંધાન)...ગુણોની એબીસીડી**

શકીએ તે ટીમમાં કરી શકાય છે .

**યુ - Understanding/અંડરસ્ટેન્ડિંગ** - સમજણનું જીવનમાં ખૂબ જ મહત્વ છે. ગુસ્સો અને અસહિષ્ણુતા એ સમજ ના પડે તેવા શત્રુઓ છે

**વિ- Vision/વિઝન-** જેની દૃષ્ટિ જ ટૂંકી છે તેનું હૃદય તો વિશાળ ક્યાંથી હોવાનું.

**ડબ્લ્યુ - Wealth/વેલ્થ -** સંપત્તિ એ આપણા જીવનનો જરૂરી આધાર સ્તંભ છે

**એક્સ - X-ray** જીવનમાં સારા વ્યક્તિઓનો એક્સરે બનો. સદ્‌ગુણોવાળા વ્યક્તિઓની કાર્બન કોપી બનો.

**વાય - Youth** યુવાની એ આપણા જીવનનો મહત્વનો સમયગાળો છે.તેને સાંભળીને રાખીએ .વેડફી ન દઈએ।

**ઝેડ -** મહાન લોકોનું દરેક ઉત્પાદન ખરેખર તો ઉત્સાહમાં ઉત્પાદન હોય છે .

॥ ઓમશાંતિ ॥

### પ્રસન્નતાના પથ પર

# જીવનમાં સગવડને સ્થાને જવાબદારીઓનો પણ ભાવ હોય

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



આપણા ઘરોમાં આવેલી તમામ સુખ-સુવિધાઓ પર ધ્યાન આપો. સગવડ આપતા ઉપકરણો વસ્તુઓ રાતો રાત આવ્યા નથી. આપણે આપણા ઘરની એક-એક વસ્તુ ધીમે-ધીમે ખરીદ કરી. પહેલાં સાઈકલ આવી, પછી સ્કુટર આવ્યું. પછી ગાડી આવી. પછી ઘર ખરીદવામાં કેટલો સમય લાગ્યો. જો કે આજકાલ આપણાં બાળકોને બધી જ સુવિધાઓ મળેલી છે. તેમની પાસે તમામ સગવડો છે. એવામાં તો આગળની પેઢીને તો ખબર પણ નહીં હોય કે ફોન વગર કોઈ જીવન છે. આ તેમની સમજની દૂરની વાત હશે કે તમે કોઈ બીજા શહેરમાં જઈ રહ્યા છો. અને તમે વાત કરી શકતા નથી. આપણે એજ લોકો છીએ. જે એક સમયે પત્ર લખીને પોતાની કુશળતા જણાવતા હતા. જો કે, આજે ફ્લાઈટના જમીન પર લેન્ડ કરવાની પણ રાહ જોઈ શકતા નથી.

એરહોસ્ટેસને કહેવું પડે છે થોભો. આ સમસ્યા કોની છે? ફોનની? ફોન તો ફૂલ છે. જે આપણા જીવનને સુંદર અને આરામદાયક બનાવવા આવ્યો છે. પણ જો તેનો સારી રીતે ઉપયોગ ન કરાયો તો એજ ફોન ચિંતાનું કારણ બની ગયો છે. કેટલાક લોકો તો કહે છે આ ફોન બહુ તનાવ આપે છે. એટલે કે એ ફૂલ જ ખૂંચવા લાગ્યું છે. તેમાં ફોનનો દોષ નથી. બીજી વાર ફ્લાઈટ લેન્ડ કરવાની હોય તો જાગૃત થઈને તેને દસ મિનિટ ચાલુ ન કરો. બે કલાક કે તેથી વધારે કલાક ફ્લાઈટમાં બેઠા, તો દસ મિનિટમાં શું થશે.

તમારે પોતાની ધીરજ ગુમાવવાની નથી. કેમ કે તેનાથી તમારી શક્તિ ઘટી રહી છે. જીવનના દરેક દૃશ્યને જુઓ કે મારી શક્તિ ઘટી રહી છે કે વધી રહી છે. જો આપણે વહેલા ફોન ચાલુ કરીશું તો લાગે છે કે આપણી શક્તિઓ ઘટશે. માત્ર એક ફોન ચાલુ કરવાની પ્રક્રિયામાં આત્માની શક્તિ ઘટી રહી છે. તો આખા દિવસનો અંદાજ લગાવો. એટલે જ લોકો કહે છે કે ફોન ન હતો ત્યારે અમે વધુ ખુશ હતા. આપણી અગાઉની પેઢી માટે આરામ ઓછો હતો પરંતુ શક્તિ વધારે હતી. જો આપણે ધ્યાન ન રાખ્યું તો આપણી આગામી પેઢી પાસે સગવડો તો બધી જ હશે પરંતુ આતંરિક શક્તિ નહીં હોય. જેમને મહેનત કર્યા વગર સગવડ શાંતિ મળશે. એમ પણ તેમની શક્તિ ઘટી જશે. કેમ કે એમને એ પણ ખૂબર નથી કે આરામ વગરનું કોઈ જીવન હોઈ શકે છે. તેમને એ પણ ખબર નથી કે જ્યારે વસ્તુઓ મારા અનુસાર ન હોય તો પણ જીવન હોઈ શકે છે. એટલે આપણી જવાબદારી છે કે આપણે તેમને સુવિધાઓની સાથે આંતરિક તાકાત આપીએ. જો તમારો બાળક સ્કૂલમાં પ્રથમ આવ્યો તો શું એ જરૂરી છે કે તે જીવનમાં સફળ થશે? પરંતુ જીવનમાં સફળ થવા માટે એ આત્માની પાસે આંતરિક શક્તિ હોવી જોઈએ. આંતરિક તાકાત એટલે સામંજસ્ય - તાલમેલ બેસાડવાની શક્તિ. સહનશક્તિ. જુદા જુદા સંસ્કારો સાથે મળીને ચાલવાની શક્તિ. બીજાઓ પાસેથી પ્રેમથી કામ કઢાવવાની શક્તિ. આ બધી શક્તિઓ કઈ સ્કૂલ આપશે? **ઓમશાંતિ**

# સત્યમ્ - શિવમ્ - સુંદરમ્

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



સત્યમ્ શિવમ્ સુંદરમ્ના ગીત આપણે દરરોજ ગાયા કરીએ છીએ. આપણા પ્રાચીન ઋષિઓએ પણ આના અર્થને જાણવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ માનવ સત્યથી સદા દૂર જ રહ્યો. સત્ય શું છે ?... તેની વ્યાખ્યા અનેક રૂપોમાં આજ સુધી થતી રહી. વાસ્તવમાં સત્ય શું છે ... તેનો ઉત્તર સ્વયં સત્ય (પરમાત્મા) જ આપે છે. વાસ્તવમાં સત્ય તે જ છે જે આપણને સત્ય (પરમાત્મા) તરફ લઈ જાય. જે આપણને આપણા અન્તિમ લક્ષ્યની નજીક લઈ જાય, તે જ સત્ય છે. જે આપણા માર્ગને સરળ બનાવી દે, તે જ સત્ય છે. મનુષ્ય સમજે છે કે સત્ય કાંટાનો માર્ગ છે, પરંતુ નહીં સત્ય તો કાંટાને ફૂલ બનાવવાનો માર્ગ છે... યાત્રીના વિઘ્નો વિનાશ કરવાનો માર્ગ છે.

જે સદા સત્ય છે. તે જ શિવ છે – ભગવાન છે અથવા શિવ જ સત્યનું રહસ્યોદ્ઘાટન કરવાવાળા છે અર્થાત્ જે સત્ય છે, તેનાથી જ શિવ (કલ્યાણ) થાય છે. અસત્ય દ્વારા વિશ્વ કલ્યાણની કામના નિરર્થક છે જે સત્ય છે, પરમ છે, ભગવાન છે, તે જ કલ્યાણકારી હોવાના લીધે સર્વથી અધિક સુંદર છે. આજ કારણ છે કે ન જાણવા છતાં પણ સમગ્ર સંસારના સર્વ મનુષ્યાત્માઓ તેની તરફ આકર્ષાય છે, તેના ફક્ત નામથી જ પોતાનું કામ સિદ્ધ કરે છે. તે જ સત્ય શિવ આવી સર્વ મનુષ્યોને સુંદર (પાવન) બનાવે છે, જેમને માયાએ શ્યામ બનાવી દીધા છે.

સત્યનો ઝંડો પ્રાચીન સમયથી જ ઊંચો રહ્યો છે. સત્યના બળથી સંસારનાં મોટાં મોટાં કાર્યો પણ સંભવ થયાં છે. સત્યના બળની મદદ વડે તો મહાત્મા ગાંધી અંગ્રેજોની જંજીરોથી ભારતને મુક્ત કરવામાં સફળ થયા. સત્ય એક મહાન ઔષધિ છે જેનાથી માનવતાનો ઉપચાર થાય છે. મનુષ્યે ઉન્નતિ કરવા માટે સદા સત્યની મદદ લેવી જોઈએ.

જે સત્ય છે, તે નિત્ય પણ છે. સત્યનો કદાપિ વિનાશ થતો નથી. સત્ય જ સૃષ્ટિનું બીજ છે. તે સત્ય અતિ સૂક્ષ્મ છે પરંતુ સર્વ શક્તિવાનની સંજ્ઞાથી પ્રકાશમાન છે. બધા તે સત્યની નજીક આવવા ઘણા જ પ્રયત્ન કરે છે પરંતુ અસત્યનેજ સત્ય માની, અસત્યતાના અંધકારમાંજ પ્રકાશની શોધ કરે છે. એટલે જ સત્ય પ્રકાશથી સદા દૂર રહ્યા. સત્ય દ્વારા જ સત્ય માર્ગ પ્રાપ્ત થાય છે. સત્ય, અસત્યમાં છૂપાઈ રહેલું નથી, અમૃત ક્યારેય પણ વિષમાં છૂપાતું નથી. અસત્યના પ્રભાવે સત્યને પણ લોપ કરી દીધું છે.

સત્યનો સદા વિજય થયો છે. સત્ય પથના યાત્રીને તેના વિજય પર સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. સત્યની હાર થાય એ તો બનીજ ન શકે. ભલે કલિયુગી વાતાવરણના પ્રભાવથી મનુષ્યને કોઈ કોઈ વાર સત્યની હાર નજરમાં આવી પણ હોય, પરંતુ વાસ્તવમાં તે હાર નથી, વિજય જ છે. અંતમાં તેની જ જીત થશે, ભલે અત્યારે ગુપ્ત હોય. સત્ય પર અસત્યનું આવરણ કોઈ કોઈ વાર આવી શકે છે પરંતુ તેને અસત્ય દ્વારા દબાવી શકાતું નથી. સત્યમાં વિજયની શક્તિ છે. અસત્યતાના કારણે જ આજ સુધી માનવે હાર ખાધી છે, માનવતાનું પતન થયું છે.

સત્ય ઉપર અનેક જુલ્મ નાખવામાં આવ્યા. પરંતુ સત્યમાં શક્તિ છે શાન્ત રહીને સહન કરવાની. તે ચૂપ ચાપ, આનંદ-ખુશીથી

મુશ્કેલીઓને સહન કરતો ચાલે છે, કારણ કે તેને તો સત્યનો અનુભવ થઈ ગયો છે, તેણે તો શિવનાં દર્શન કર્યાં છે. તેની આ અનુભૂતિઓની સામે આ મુશ્કેલીઓનું મહત્ત્વ કંઈ જ નથી. તેનાથી વિપરીત ક્રોધ, અહંકાર, ક્રૂરતા, અસત્યતા એ નિરાશાનાં પ્રતીક છે... જ્યાં ક્રોધ છે, ત્યાં સત્ય નથી અને ત્યાં શિવનો વાસ નથી. અહંકાર તો વિષ છે, જ્યારે સત્યતા તો અમૃત છે. બંનેનો મેળ નથી થઈ શકતો. મોટા મોટા ધુરન્ધર વિદ્વાન ક્રોધ અને અહંકારના નશામાં ચકચૂર જોવામાં આવે છે. તેમનામાં સત્યતા ક્યાં ? સત્યતાતો ચિત્તને શીતલ કરવાવાળી પરમ ઔષધિ છે.

જેને સત્ય જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તે સંપૂર્ણતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા તરફ તીવ્રગતિથી દોડવા લાગે છે. યોગ્ય માર્ગનું વાહન પકડવાથી યાત્રી પોતાની મંઝિલ પર પહોંચે છે. અગર દિલ્હીનો યાત્રી મુંબઈની ગાડી પકડી લે તો રસ્તાની અસત્યતાના કારણે તે પોતાના લક્ષ્યથી દૂર જ જશે. આપણે પણ અત્યાર સુધી અસત્ય ને જ સત્ય માનીને અસત્યતાની ગાડી પર સવાર થયા, આથી મંઝિલથી દૂર જ રહ્યા. સત્યની શક્તિ તો મનુષ્યને તેના લક્ષ્ય પર પહોંચાડે છે.

સત્ય કેવળ એક જ વખતે પ્રત્યક્ષ થાય છે જ્યારે અસત્યના ખાડામાં પડેલા માનવને શિવ પોતે જ આવીને બહાર કાઢે છે. વિકારોની ખાઈને મિટાવવાનો દાવ શિખવાડે છે. આ વાતથી એ લોકો અજાણ છે જે સત્યની શોધ કરી રહ્યા છે. શોધ અર્થાત્ સંપૂર્ણ સત્ય નહિ. જ્યાં હજુ સુધી પણ શોધ છે ત્યાં માયાને ચેલેન્જ આપવાની શક્તિ નથી. અગર તેમને આ સત્યનો અનુભવ થઈ જાય તો તેમની શોધ ક્ષણવારમાં સમાપ્ત થઈ શકે છે. વાસ્તવમાં કોઈ પણ માનવ શક્તિ દ્વારા બતાવેલો માર્ગ સંપૂર્ણ સત્ય હોતો નથી, એટલે જ તે કઠિન હોય છે અને માનવને સત્ય માર્ગ સુધી નથી પહોંચાડતો.

આજ સુધી આપણા શાસ્ત્રો પોતાનામાં જ સત્યતાનો દાવો કરતા રહ્યા અને પોતાની સુંદરતાથી માનવને પોતાની તરફ આકર્ષિત પણ કરતા રહ્યા, પરંતુ મનુષ્યને સુંદર (પાવન) ન બનાવી શક્યા. જ્યારે આપણે તેમને પ્રાપ્તિની કસોટી પર સમજવા પ્રયત્ન કર્યો તો તેમની સત્યતાના મધ્યમાં થોડી અસત્યતાનો અંધકાર જોવામાં આવ્યો. ઋષિગણ તે અંધકારને ન પારખી શક્યા અને તે જ અંધકાર માનવને પતનની તરફ લઈ ગયો. મનુષ્ય ઝડપથી નીચે ઉતરતો રહ્યો એમ સમજીને કે તે ઉપર ચઢી રહ્યો છે. પરંતુ આપણે આવી ઊભા ઘોર કલિયુગમાં, જ્યાં માનવતાના નામ પર દાનવતાનું સામ્રાજ્ય વ્યાપેલું છે. ક્યાં ? શું શાસ્ત્રોની સત્યતાએ માનવને નીચે નથી પાડ્યો ? શાસ્ત્રો તેનો ઉત્તર આપે છે – શાસ્ત્ર તો સત્ય છે પરંતુ મનુષ્ય તેનું આચરણ નથી કરતો. આપણે પૂછીએ છીએ કેમ ? સત્યમાં તો શક્તિ છે અનુસરણ કરવાની. મનુષ્ય શ્રેષ્ઠ ચારિત્ર્યથી કેમ વિચલિત થયો ? શાસ્ત્ર પથ પર ચાલ્યા વિના તે નારકીય પથ પર કેમ ચાલ્યો ? તેનું આકર્ષણ શાસ્ત્ર નહિ ને આધુનિક ચલચિત્ર કેમ થઈ ગયા ? તે કામને જ રામ કેમ સમજી બેઠો? શાસ્ત્ર મનુષ્યને પરમ આનંદ આપવામાં અસમર્થ નીવડ્યાં ત્યારે જ તો મનુષ્યે બીજો માર્ગ સંભાળ્યો. શાસ્ત્રોએ જ મનુષ્યને કામુક બનાવ્યો, આમ કહીને કે દેવતાઓ પણ ભોગી હતા, ઋષિ ગણ તેના શિકાર હતા, પછી મનુષ્ય તેમનાથી મર્યાદા કેવી રીતે શીખે.

સત્ય તો એક હોય છે અનેક નહીં ! છતાં, શાસ્ત્રોની અનેક વ્યાખ્યાઓ કેમ થઈ ગઈ ? અનેકતા જ અસત્યતાનું વિશાળ પ્રમાણ છે. અનેકતાથી શક્તિનો નાશ થઈ જાય છે. આજ કારણ છે કે શાસ્ત્રોએ મનુષ્યોને ઉપદેશ તો આપ્યો

પરંતુ શક્તિ નહિ, હા, વાક (વાણી) યુદ્ધની શક્તિ તો શાસ્ત્રોએ આપી, માયા-યુદ્ધની નહિ. મોટા મોટા શાસ્ત્ર વિશારદ પણ માયાને આધીન રહ્યા. કામુક વૃત્તિઓથી ભરપૂર રહ્યા ! આજ કારણ છે, શાસ્ત્રોથી વિશ્વનું કલ્યાણ નથી થયું, જ્યારે ઘર ઘરમાં શાસ્ત્રોનો અભ્યાસ થયો છે.

જ્યારે સત્ય (પરમાત્મા)થી આપણો યોગ થઈ જાય છે ત્યારે આપણે શક્તિઓથી પરિપૂર્ણ થઈએ છીએ. શાસ્ત્રોએ આપણો યોગ સત્યથી તોડી નાખ્યો. પોતાને જ સત્ય માનવાના ભ્રમથી આપણે શક્તિહીન બન્યા. શક્તિઓનાં ચિત્ર બનાવી ભક્તોએ મંદિરમાં રાખી દીધાં, અને તેમની પૂજા કરવામાં જ પોતાનું પરમ કર્તવ્ય સમજ્યા, સ્વયંને શક્તિ સંપન્ન બનાવવાનું નહિ. કારણ કે તેઓએ શિવને, જે સર્વશક્તિવાન છે તેમને શક્તિઓથી અલગ કરી દીધા, શક્તિઓ પૂજનીય કેવી રીતે બની એ અંદાજ તેઓ ન લગાવી શક્યા. સત્યથી યોગ થતાં જ જીવન સ્વચ્છ બની જાય છે. આત્માની મલિનતા સમાપ્ત થઈ જાય છે. પરંતુ માનવમન મલિન બનતા ગયા અસત્યતાની તરફ પ્રેરાઈને.

આપણા શાસ્ત્રોએ સર્વવ્યાપકતા અને લાખ યોનિઓનો સિદ્ધાંત બનાવી મનુષ્યને પાપકર્મથી બચાવવાની ઈચ્છા સેવી પરંતુ અસત્યમાં શક્તિ કયાં ? મનુષ્ય પાપના ખાડામાં પડતો જ રહ યો. કારણ કે સિદ્ધાંત કેવળ ડરાવ માત્ર હતો, સત્ય નહિ. પરમાત્મા સત્ય સિદ્ધાંત બતાવી ‘મનુષ્યનો પુનર્જન્મ મનુષ્ય યોનિમાં જ થશે.’ મનુષ્યને પાપ કર્મથી બચાવી દે છે. આ જ તો સત્યની શક્તિ છે.

સત્ય (પરમાત્મા) સદા પવિત્ર છે, એટલે તેમનામાં માનવને પવિત્ર (સુંદર) બનાવવાની શક્તિ વિધમાન છે. જ્યાં અસત્યતા છે ત્યાં પવિત્રતા અસંભવ છે, એટલે આજ સુધી ગૃહસ્થી મનુષ્ય પવિત્ર આત્માઓનું ગાયન જ કરતો રહ્યો. સ્વયંને પવિત્ર બનાવવાનું સાહસ તો શું સંકલ્પ પણ રાખી શક્યો નહિ, પરંતુ સત્ય પરમાત્મા દ્વારા આપવામાં આવેલા, સત્ય, સુંદર એવાં કલ્યાણકારી જ્ઞાનને પ્રાપ્ત કરીને સહજ રીતે નરનારી ગૃહસ્થ જીવનમાં પવિત્ર જીવન વ્યતીત કરી શકે છે. આ સત્યની એક માત્ર કસોટી છે.

સત્યમાં શક્તિ છે નિર્ભયતાની ! સત્યવાદી પુરુષ ભયભીત હોતો નથી, સત્ય કર્મ તેને નીડર બનાવી દે છે. ડર કોનો ? તે તો સર્વમાં સત્ય આત્માનાં જ દર્શન કરે છે. સિંહ પણ તેની સામે આવે તો તેમાં પણ તે સત્ય આત્મા જ જુએ છે અને સ્નેહથી ભરપૂર બની નિર્ભય રહે છે. પરંતુ સત્યમાં જરા પણ સંશય ન હોય. સત્યમાં સંશય મહાન અપરાધ છે અને મનુષ્યના પતનનું કારણ છે. અસત્ય બોલ અને વિચાર કરવાવાળા મનુષ્યના મનમાં સદા ભય રહેલો હોય છે. જ્યારે આપણે સાચા છીએ તો ડર કોનો ? ભલે આપણા ઉપર અસત્ય આરોપ પણ લગાવવામાં આવે પરંતુ સત્ય સદા આપણી રક્ષા કરશે જ. આપણે આપણા સત્યને મુખેથી પ્રસિદ્ધ કરવાની યા સિદ્ધ કરવાની આવશ્યકતા નથી, સત્ય તો સત્ય જ છે. તે આપ મેળે જ પ્રસિદ્ધ થઈ જાય છે. સત્ય ક્યારેય પણ છુપું નથી રહેતું. આવો નિર્ભય અને દૃઢ સંકલ્પવાળો પુરુષ જ વિશ્વકલ્યાણ કરી શકે છે અને વાસ્તવમાં આ નિર્ભયતા જ આત્માની સુંદરતા છે.

સત્યના બળ પર પ્રાચીન મહાપુરુષોએ મોટી મોટી શક્તિઓને પણ ઝૂકાવી દીધી. વાસ્તવમાં સત્ય માર્ગના યાત્રીને ઝૂકવાની આવશ્યકતા નથી. સત્ય માર્ગ પર અડોલ રહીને ચાલવું જોઈએ. સત્યના બળથી આપણે વિશ્વમાં ક્રાંતિ લાવી શકીએ છીએ. વિશ્વનું પુનઃનિર્માણ કરી શકીએ છીએ. સત્યની શક્તિ અન્તર્નિહીત છે અસત્યતાના વિનાશની. જ્યારે સત્ય ધર્મનો ઉદય થાય છે, ત્યારે અનેક અસત્ય ધર્મોનો સંહાર આપમેળે જ થી જાય છે.

(અનુસંધાન પેજ નં. 26 પર)

# જીવનનો સાર અને આત્માનો સાચો શણગાર - પ્રેમ

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ

એક દિવસ એક મહિલા પોતાના ઘરની બહાર આવી તો તેણે ત્રણ સંતોને પોતાના ઘરની સામે જોયા, તેણે સંતોને ભોજન માટે કહ્યું. મહિલાનો પતિ ઘરે ન હતો. સંતોએ કહ્યું, 'તમારા પતિ જ્યારે આવશે, ત્યારે અમે ઘરમાં પ્રવેશ કરીશું.' સાંજે તે મહિલાનો પતિ ઘરે આવ્યો. મહિલા બહાર ગઈ અને તેમને અંદર આવવા માટે કહ્યું. સંત બોલ્યા, 'અમે બધા કોઈપણ ઘરમાં એક સાથે નથી જતા.' 'પણ કેમ?' મહિલાએ પૂછ્યું. તેમાંથી એક સંતે કહ્યું, 'મારું નામ ધન છે.' પછી બીજા સંતો તરફ ઈશારો કરીને કહ્યું, 'આ બંનેના નામ સફળતા અને પ્રેમ છે. અમારામાંથી કોઈ એક જ અંદર આવી શકે છે. તમે ઘરના અન્ય સભ્યો સાથે મળીને નક્કી કરી લો કે અંદર કોને બોલાવવા છે.' તેના પતિને ખબર પડી તો તે બોલ્યો, 'જો એવું છે તો આપણે ધનને આમંત્રિત કરવું જોઈએ. આપણું ઘર ખુશીઓથી ભરાઈ જશે.' પરંતુ તેની પત્નીએ કહ્યું, 'મને લાગે છે કે આપણે સફળતાને આમંત્રિત કરવી જોઈએ.'

તેમની દીકરી બીજા રૂમમાં આ બધું સાંભળી રહી હતી. તે તેમની પાસે આવી અને બોલી, 'મને લાગે છે કે આપણે પ્રેમને આમંત્રિત કરવો જોઈએ. પ્રેમથી વધીને કશું જ નથી.' દીકરી સાથે સહમત થઈને મહિલા ઘરની બહાર ગઈ અને તેણે સંતોને પૂછ્યું, 'તમારામાંથી જેમનું નામ પ્રેમ છે, તેઓ કૃપા કરીને ઘરમાં પ્રવેશ કરી ભોજન કરે.' પ્રેમ ઘર તરફ આગળ વધ્યા. બાકીના બે સંત પણ તેમની પાછળ આવવા લાગ્યા. મહિલાએ આશ્ચર્યથી તે બંનેને પૂછ્યું, 'મેં તો ફક્ત પ્રેમને જ આમંત્રિત કર્યો હતો. તમે લોકો અંદર કેમ જઈ રહ્યા છો?' તેમાંથી એકે કહ્યું, 'જો તમે ધન અને સફળતામાંથી કોઈ એકને આમંત્રિત કર્યો હોત તો કેવળ તે જ અંદર જાત. પ્રેમ ક્યારેય એકલો નથી જતો. પ્રેમ જ્યાં જાય છે ત્યાં ધન અને સફળતા તેની સાથે જાય છે'

જી હાં, પ્રેમ જ જીવનનો સાર અને આત્માનો સાચો શણગાર છે. સ્નેહ સાગર શિવ પરમાત્માની મહિમા સમાન પ્રેમની મહિમા પણ અપરંપાર છે. પ્રેમનો ચાહક કોણ નથી? ઈશ્વર હોય કે ઈન્સાન, દેવ, દાનવ કે માનવ, સંત, સજ્જન હોય કે દુર્જન, આ સૌનો સંસાર સ્નેહથી સજે છે. જેમ હૃદય પ્રાણવાયુ વિના ધબકતું નથી, તેમ જીવન સ્નેહ સુગંધ વિના મહેકતું નથી. પ્રેમવિહીન જીવનની તો કલ્પના જ સંભવ નથી, કારણ કે પ્રેમ ખુશનુમા જિંદગીનો શ્વાસ અને મનમંદિરમાં ફેલાયેલો પાવન પ્રકાશ છે. પ્રેમ આત્માઓને આત્મિક આઝાદી અપાવનાર ખુલ્લું આકાશ છે. પરમાત્મ પ્રેમ પ્રભુપ્રેમીને પ્રાપ્ત પરમ પુરસ્કાર છે તો સાત્વિક સ્નેહ સંતોનો સર્વશ્રેષ્ઠ શણગાર છે, પ્રેમ આદર્શ વ્યક્તિત્વનો અલંકાર અને ઉદાર દિલનો ઉત્તમ ઉપહાર છે. સ્નેહ સુખમય સંસારનો સાર, વૈશ્વિક પ્રેમ વિશ્વબંધુત્વની વિશાળ ભાવનાનો આધાર છે. દૈવી પ્રેમ દેવી-દેવતાઓની દિવ્ય દોલત છે તો આત્મિક પ્રેમ અલ્લાહની અમાનત છે. અંતઃકરણનો પ્રેમ અમરતા પ્રદાન કરતું અમૃત છે. રુહાની પ્રેમ રૂહોની રાહત છે તો માનવીય પ્રેમ મહાપુરુષોની મહારત છે.

પ્રેમ કરવો કે પ્રેમ પામવો કોને ગમતું નથી? દરેક મનની કુદરતી ચાહત હોય છે પ્રેમ! પ્રેમ આત્માની સ્વાભાવિક વૃત્તિ અને નૈસર્ગિક આદત છે, એટલે કે તે માનવના મૂળ, શુદ્ધ અને શ્રેષ્ઠ

સંસ્કાર છે. પછી ભલે માણસ હોય કે પ્રાણી, બધાને પ્રેમ મહોબ્બત કરવી ગમે છે. પ્રેમ ન મળે તો જીવવું જ મુશ્કેલ થઈ જાય છે, કારણ કે પ્રેમ જીવન રસ છે. પરંતુ કેટલી આશ્ચર્યની વાત! આજનો માણસ સાચા પ્રેમની પરિભાષા જ નથી જાણતો, સ્વાર્થપૂર્તિ અને કામ-વાસનાને જ પ્રેમ સમજે છે. પરંતુ આ સાચું નથી, વાસ્તવમાં પ્રેમ હૃદયમાંથી ઉમટેલી શુદ્ધ ભાવના છે. જ્યારે આપણું ધ્યાન કોઈના ગુણો તરફ જાય છે તો સહજ જ ગુણ પર મન મોહિત થઈ જાય છે અને હૃદયમાં પોતાનાપણાની ભાવના જાગી ઉઠે છે. ગુણ ભલે વ્યક્તિ-પ્રકૃતિ, પશુ-પક્ષી કે જડ વસ્તુ-વૈભવોમાં હોય, ગુણ ગુણવાન પ્રત્યે પોતાનાપણાનો અહેસાસ જગાડે છે. આ જ હૃદયમાં પ્રગટેલી પોતાનાપણાની ભાવ-ભાવના પ્રેમ છે.

જેમ એક નિષ્પાપ બાળકનું ભોળપણ દરેકને પોતાની તરફ સહજ આકર્ષિત કરે છે. તેની દરેક બાળ સહજ વૃત્તિ મનને સારી લાગે છે. તેનાથી દિલનો સંબંધ જોડી દે છે, હૃદયમાં સ્નેહની લહેરો ઉત્પન્ન કરે છે. બાળક પોતાનું સંતાન હોય તો તેના પ્રત્યે ત્યાગ અને સહન કરવું વધુ સરળ થાય છે, તેના માટે સર્વસ્વ કુર્બાન કરવું કઠિન નથી લાગતું. જે પોતાનું હોય છે, તેના અવગુણ સહજ ભુલાઈ જાય છે. પ્રેમીની ઉન્નતિ પ્રત્યે સદા જાગૃતતા બની રહે છે. તેને માંગ્યા વગર જ મદદ કરવામાં આવે છે. તેની દરેક હરકતને સહજ સહન કરવામાં આવે છે. પ્રેમના કારણે જ અપરાધીના અપરાધોને ક્ષમા કરવા સંભવ બને છે

ફૂલોનો રંગ અને સુગંધ પોતાની તરફ સહજ આકર્ષિત કરીને પ્રેમ પેદા કરે છે. મૂંગા પશુ હોય કે પક્ષી પ્રેમની ભાષા ખૂબ સમજે છે. હિંસક વન્ય પ્રાણી પણ પ્રેમના જાદુથી હિંસા છોડી મનુષ્યની આસપાસ મંડરાય છે. સ્નેહની શક્તિ પશુ સમાન પાષાણ હૃદયને પણ પીગળાવી દે છે. પ્રેમની ચમત્કારી શક્તિથી શત્રુ પણ મિત્ર બની જાય છે. પ્રેમ માનવને સશક્ત બનાવે છે. તે અંદરનો ભાવ, ભાવના અને સંવેદનાને જગાડે છે અને પુરુષ (આત્મા) નો પ્રકૃતિ સાથે સંબંધ જોડે છે. પ્રેમ જ વસુધાને સુવર્ણ જેવો નિખાર આપી સ્વર્ગ જેવું રૂપ આપે છે. વાસ્તવમાં પ્રેમ તો આત્માની આદિ અનાદિ મૂળ પ્રવૃત્તિ અને સાચી સંપત્તિ છે. આ આત્માનું અવિનાશી ગુણધન અને જીવન સૌરભ છે. સાચું પૂછો તો પ્રેમથી જ જીવનનો બગીચો સદાબહાર લાગે છે, જેનાથી તન-મનમાં ખુશીઓના ફૂલ ખીલી જાય છે.

સ્નેહ શસ્ત્ર છે તો શાસ્ત્ર પણ. કોઈ ક્રૂર અથવા ક્રોધીને જીતવાનું આ બ્રહ્માસ્ત્ર છે. પ્રેમના જાદુથી થયેલા હૃદય-પરિવર્તનનો આ એક એવો જ પ્રેરક પ્રસંગ છે, એક સ્ત્રીનો પતિ હંમેશા અતિશય ગુસ્સે થઈને મારામારી પર ઉતરી આવતો હતો. જેનાથી તે સ્ત્રી ભયભીત રહેતી હતી. અચાનક તે ગામમાં મહાત્મા પહોંચ્યા, તેઓ ચપટીમાં સમસ્યા ઉકેલી દેતા હતા. સ્ત્રી મહાત્મા પાસે પહોંચી અને બોલી, 'મહાત્મન્ મારા પતિ અતિ ક્રોધી છે, સીધા મોઢે વાત નથી કરતા, આપ એવો મંત્ર આપો જે પતિનું મન બદલે અને પતિના હૃદયમાં મારા માટે પ્રેમ જાગે.' ત્યારે સિદ્ધપુરૂષે કહ્યું, 'હું મંત્ર જરૂર આપત પણ મંત્રને અભિમંત્રિત કરી તાવીજમાં રાખવા સિંહનો વાળ જોઈએ.' બીજા જ દિવસે સ્ત્રી વનમાં પહોંચી, જ્યાં તેણે સિંહ જોયો. સ્ત્રીને જોતા જ સિંહે ગર્જના કરી તો તે ડરીને ભાગી ગઈ. આગલા દિવસે ત્યાં માંસ રાખી પાછી આવી ગઈ, સિંહે માંસ ખાધું, થોડા દિવસ આ સિલસિલો ચાલતો રહ્યો.

મહિનાભરમાં જ સિંહને સ્ત્રીની આદત પડી ગઈ. સિંહ સ્ત્રીને જોઈ સામાન્ય સ્થિતિમાં શાંત રહેવા લાગ્યો. સ્ત્રી પણ નિર્ભય થઈ સિંહ પાસે

પહોંચી જતી. તરત જ બંનેમાં મિત્રતા થઈ ગઈ, એક દિવસ સ્ત્રીએ હિંમત કરી સિંહનો વાળ લઈ જ લીધો અને તરત મહાત્મા પાસે પહોંચી બોલી, 'મહાત્મન્ લો આ સિંહનો વાળ અને આને અભિમંત્રિત કરી દો.' તેના સાહસની પ્રશંસા કરતા મહાત્માએ વાળ આગમાં ફેંકી દીધો. આ જોઈને સ્ત્રી બોલી, 'મહાત્માજી આ શું કર્યું?' ત્યારે મહાત્મા બોલ્યા, 'દીકરી હવે તને સિંહના વાળની જરૂર નથી, તેં હિંસક સિંહને પ્રેમથી જીતી લીધો, તો શું એક વ્યક્તિને પ્રેમથી જીતી નથી શકતી? ફક્ત પતિ પ્રત્યે પ્રેમભાવ જાગૃત કર.' સ્ત્રી ખુશીથી ઘરે પાછી ફરી, કારણ કે તેને પતિને વશ કરવાનો મંત્ર (પ્રેમ) મળી ગયો હતો.

સાચે જ પ્રભુપ્રીત પ્રભુ પ્રિયતમની પ્રાણપ્યારી પ્રાર્થના છે તો સાચો સ્નેહ સ્નેહસાગર સત્યમ્ શિવમ્ સુંદરમ્ ને સાધવાની સર્વોત્તમ સાધના છે. પ્રેમ એ આરાધ્યની આરાધના અને ચરિત્રવાનના ચરિત્રની ચેતના છે. સ્નેહ સહનશીલ અને ક્ષમાશીલની સંવેદના, સ્નેહી માટે શુભભાવના અને શુભકામના છે. પ્રેમ તો બસ દરેક માનવની મનોકામના છે. પ્રેમ વિકારી વિષય-વાસના નથી, પરંતુ હૃદયની ઉચ્ચત્તમ ઉપાસના છે. ઈશ્વરીય-પ્રેમ એ ભગવત ભક્તિ, સર્વશક્તિમાન શિવની શક્તિ અને ઈશ્વરથી મળેલી અનુપમ પ્રાપ્તિ છે. તે અંતરમાં છુપાયેલી અમિટ અનુભૂતિ અને દિન-દુઃખીઓ માટે દિલની સહાનુભૂતિ છે. પ્રેમ પરમાત્મા સાથે પ્રીતિ, મૂલ્યોમાં મૂલ્યવાન મોતી, પ્રભુ પ્રેમીઓના અંતરમનમાં પ્રજ્વલિત જ્યોતિ છે.

માં નો મમતામયી સ્નેહ સંતાન માટે સદગુણ સંવર્ધક (ગુણો વધારનાર) ગળથૂથી અને મૂર્છિત તથા નિરાશ મન માટે સ્નેહ સંજીવની બૂટી છે, તેનાથી ઉલટું પ્રેમનો અભાવ એ સૌથી મોટી ભૂલ (ક્ષતિ) છે. સહૃદય સ્નેહ સત્પુરુષોનું સાચું સૌંદર્ય, શીલવાનની શોભા અને અલૌકિક પ્રેમ અધ્યાત્મ-પ્રેમીની આભા છે તો પવિત્ર પ્રેમ પ્રેરક પુરુષોની પ્રભા છે. પ્રેમનો તો દરેક કોઈ દીવાનો છે, કારણ કે પ્રભુથી મળેલો આજ અમૂલ્ય સર્વશ્રેષ્ઠ ખજાનો છે.

પ્રેમરોગ રોગ નથી. પ્રેમ તો આત્માનો પરમાત્મા સાથે મન બુદ્ધિનો યોગ છે. સ્નેહ દૈહિક ભોગ (કામચેષ્ટા) કે વિકાર-વ્યાધિ નથી, સ્નેહભરી ઈશ્વરીય યાદ તો સહજ યોગ કે સમાધિ અથવા આરોગ્યદાયી ઔષધિ છે. પરમાત્મા સાથે પ્રેમપૂર્વક લગાવેલા (પ્રેમ) યોગથી જ કર્મભોગ કપાય છે અને મનોરોગ મટે છે. પ્રેમ તન-મનના દર્દની દવા અને દુઃખીજન માટે દિલથી દીધેલી દુઆ છે. સ્નેહ સમસ્ત સંસારની સુખદાયી સેવા, સેવાધારીને મળેલ મેવા તથા શોક-ગ્રસ્ત માટે સ્નેહ ઠંડી હવા સમાન છે. સાચે જ સૃષ્ટિ રંગમંચ પર પ્રેમની જ હંમેશા બોલબાલા છે.

પ્રેમની શક્તિ અદભૂત છે. ગિરધર ગોપાલના પ્રેમ ખાતર ભક્ત મીરાં ઝેરનો પ્યાલો પી ગઈ. પ્રેમનો સંદેશ આપતા ઈસુ ક્રોસ પર ચઢ્યા. ભલે શ્રીકૃષ્ણ શ્રીરામ જેવા દેવાત્મા હોય કે ઈસુ મુહમ્મદ જેવા ધર્માત્મા હોય અથવા ગૌતમ બુદ્ધ અને બાપુ ગાંધી જેવા મહાત્મા હોય, આ બધાએ પ્રેમનો જ પાઠ ભણાવ્યો. સાચો પ્રેમ સહનશીલતા, ક્ષમા, સેવા, પરોપકાર, દયા-કરુણા જેવા મહાન ગુણોને જન્મ આપે છે. મૂળ રૂપમાં આત્મા પ્રેમ-સ્વરૂપ છે તો પરમપિતા પરમાત્મા પ્રેમના સાગર. આનો અનુભવ સ્વ-સ્વરૂપમાં સ્થિત થઈ પરમાત્મા સાથે દિલનો નાતો જોડવાથી જ થશે. અતઃ માનવમાત્ર, પ્રકૃતિ, પશુ-પક્ષી બધા પર નિઃસ્વાર્થ પ્રેમની વર્ષા કરો તથા જીવનરૂપી બગીચાને મહેકાવો, એવી અમારી શુભ-કામનાઓ.

**॥ ઓમશાંતિ ॥ અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,**
**ઈન્ડિયા કોલોની, અમદાવાદ.**

# મહાશિવરાત્રિ - મત્સ્ય અવતારનું તાત્વિક સ્વરૂપ

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

એપ્રિલ ૨૦૨૩, લેખક લૌકિક પિતાજીના સ્વાસ્થ્યના કારણે વતનમાં ગયા હતા. બપોરનો સમય હતો. અમરાઈવાડી, અમદાવાદથી બ્ર.કુ. લક્ષ્મીબેનનો ફોન આવ્યો. લેખકે ફોન ઉપાડ્યો. 'હેલો...' લક્ષ્મીબેને સમાચાર આપ્યા. 'સીટીએમ ખાતે ભાગવત સપ્તાહનું આયોજન છે. પ્રવચન માટે આપણને આમંત્રણ મળ્યું છે. આપ આવી શકશો?' લેખકનું મન અસમંજસ્યમાં. શું કરું? લેખકના મનમાં દ્વિધા હતી. બાળપણમાં ક્યારેક લૌકિક માતાજી સાથે ભાગવત સપ્તાહમાં ગયો હતો. શાળામાં વાર્તાઓ સાંભળી હતી. આપણે તો જ્ઞાનની વાતો કરવાવાળા. ભાગવત સપ્તાહમાં ક્યાં વિષયો પર પ્રવચન કરવાનું? લેખકે ના પાડી દીધી. 'મને નહિ ફાવે. હું શું સંભળાવું?' ફોન મૂકી દીધો. લેખકનું મન બેચેન. મન દ્વંદ્વમાં ફસાયું. 'ના' માના નાસ્તિક. અરે કેટલો મૂર્ખ છું. તું કેવી રીતે ના પાડી શકે? તારે ક્યાં કરવાનું છે? કરન કરાવનહાર બેઠો છે. વિચાર. મહાદેવનગર સબઝોન. ૧૦૦થી વધારે બહેનો. સેકડો કુમાર-કુમારીઓ. હજારો ભાઈ-બહેનો. છતાં લક્ષ્મી-બેનને તુ યાદ આવ્યો. હા પાડી દે. મનમાં ચાલતા દ્વંદ્વએ નિર્ણય સુધી લાવી પહોચાડ્યો. લેખકે લક્ષ્મીબેનને ફોન કર્યો. લેખક તૈયાર છે. વિષય મોકલો. લક્ષ્મીબેને વિષયોની યાદી મોકલી. ભાગવતના આધારે સાત વિષયોની યાદી લેખકના હાથમાં હતી.. ભક્તિ માર્ગના કેટલાક શબ્દો પહેલીવાર કાનપર અથડાયા હોય તેમ લાગ્યું. લેખકની નજર વિષયો પર ફરતી હતી.. મન પરમાત્મા પાસે હતું. કયા વિષયને ફાઈનલ કરું? લેખક માટે બધા જ વિષય નવા... લેખકની ત્રણેય આંખો દશાવતાર પર સ્થિર થઈ. ભગવાન ભરોસે વિષય ફાઈનલ કર્યો.. લક્ષ્મીબેનને ફોન કરી જણાવ્યું...'બેન, દશાવતાર પર બોલીશ.'

વાચક મિત્રો, ભગવાને જે લેખકને દશાવતારના રહસ્યો સમજાવ્યા છે. એમાંથી પહેલા અવતારની ચર્ચા અત્રે લેખકે કરી છે.

**વેદ વ્યાસજીની ભાવના -** કહેવાય છે કે વેદ વ્યાસજીએ ચાર વેદોને વિઘટિત કર્યા બાદ પુરાણોની રચના કરી હતી. જેમાં ભાગવત પુરાણ પણ સામેલ છે. લેખકે વેદવ્યાસજી વિશે પણ જાણવાનો પ્રયત્ન કર્યો ત્યારે પહેલી વાર ખબર પડી કે વેદવ્યાસજીનું નામ 'કૃષ્ણદ્વૈપાયન' હતું. વેદવ્યાસજી દ્વારા મહાભારત અને શ્રીમદ્ ભાગવત મહાપુરાણની રચના માત્ર સાહિત્યિક સર્જન નથી, પરંતુ તેની રચના લોકકલ્યાણ, ધર્મની રક્ષા અને માનવ ચેતનાના ઉદ્ધાર માટે કરવામાં આવી હતી. તેની પાછળ ઊંડા આધ્યાત્મિક, સામાજિક અને આત્મિક કારણો રહેલા છે. **વ્યાસજીએ સમજ્યું કે માત્ર ઉપદેશથી નહીં, પરંતુ જીવનકથાઓ દ્વારા માનવ વધુ સારી રીતે શીખે છે.** અંતે તેમણે – રાજાઓ, પરિવારિક યુદ્ધ, આંતરિક સંઘર્ષ, કર્તવ્ય અને મોહ વચ્ચેનું દ્વંદ્વ, ધર્મ અને અધર્મનો સંઘર્ષને આધાર બનાવી મહાભારતની રચના કરી. મહાભારત અને પુરાણોની રચના કર્યા પછી પણ વ્યાસજીના હૃદયમાં અપૂર્ણતાનો અનુભવ રહ્યો. ત્યારે કહેવાય છે કે દેવર્ષિ નારદજીએ કહ્યું – 'તમે ધર્મ, કર્મ અને જ્ઞાનનું વર્ણન કર્યું છે, પરંતુ ઈશ્વર પ્રત્યેનો પ્રેમ સંપૂર્ણ રીતે પ્રગટ કર્યો નથી.' **આ ક્ષણે વ્યાસજીના અંતરમાંથી શ્રીમદ્ ભાગવત મહાપુરાણની દિવ્ય પ્રેરણા ઉદ્ભવી.**

વેદવ્યાસજીની તમામ રચનાઓનો મૂળ આધાર હતો – માનવતા પ્રત્યેની કરુણા. **તેમણે જોઈ લીધું હતું – ભવિષ્ય કઠિન બનશે, માનવ નબળો બનશે. છતાં પણ મુક્તિનો માર્ગ સૌ માટે ખુલ્લો રહે એટલે તેમણે કલમ નહીં, પરંતુ લોકમંગલનો સંકલ્પ ઉઠાવ્યો.**

હવે આ ઈતિહાસ જાણ્યા પછી એક વાત સ્પષ્ટ થાય છે કે વેદવ્યાસજીએ મહાભારત, ભાગવત, કે પુરાણ એમાં જે કંઈ કથાઓ લખેલી છે એમાં આત્માના કલ્યાણની ભાવના, કરુણા છુપાયેલી છે. અર્થાત્ જે કંઈ કથાઓ છે એ કથા માત્ર જેમ છે તેમ શબ્દાર્થ પ્રમાણે વાંચી કે સાંભળી ન લેતા એમાં છુપાયેલા આધ્યાત્મિક ભાવને સમજવો જરૂરી છે. જ્યારે એક એક કથાનો અભ્યાસ કરવાનું ચાલુ રાખ્યું, ત્યારે ઘણા બધા રહસ્યો બુદ્ધિને ટચ થયા અને દિલથી એક જ ભાવ ઉત્પન્ન થયો, વાહ રે બાબા વાહ, વાહ રે તારી લીલા વાહ., વાહ રે ડ્રામા વાહ!

**મત્સ્ય અવતારનું આધ્યાત્મિક રહસ્ય -** વ્હાલા વાંચકો, આપણે જાણીએ છીએ કે દશાવતારમાં પહેલો અવતાર મત્સ્ય અવતાર છે. વિચારવા જેવી વાત એ છે કે પરમાત્માને માછલીનો અવતાર લેવાની જરૂર શી? પરંતુ વાર્તાને ધ્યાનથી સમજવાનો પ્રયત્ન કરવામાં આવે તો અનેક રહસ્યો ઉદ્‌બોધિત થતા અનુભવ કરશો. મત્સ્યાવતારની વાર્તા આ મુજબ છે.

**એક વખત બ્રહ્માજી થાકેલા હતા. તેઓ નિદ્રાવસ્થામાં ગયા ... અને એ ક્ષણે હયગ્રીવ નામના અસુરે ચારેય વેદો ચોરી લીધા. જ્ઞાનનો ખજાનો... સૃષ્ટિનું રહેલું સત્ય...અને એ બધું સમુદ્રના પાતાળમાં છુપાવી દીધું. દેવતાઓ ગભરાયા – 'જો જ્ઞાન જ ન રહે, તો સૃષ્ટિ કેવી રીતે ચાલશે? સૃષ્ટિનું અધઃપતન થઇ જશે.'**

**બ્રહ્માની રાત્રિ અને બ્રહ્માનો દિવસ -** વ્હાલા વાચકો, આ કથા સંભાળતા જ લેખકના મનમાં એક પ્રશ્ન ઉદ્ભવ્યો - બ્રહ્માજી સૂતા હતા એટલે વેદો ચોરી ગયા? શું ખરેખર બ્રહ્માજી સુઈ ગયા? કે પછી આ કોઈ આંતરિક અવસ્થાની કથા છે? પરમાત્મા શિવપિતાએ મુરલીમાં ઘણીવાર આ વાતનો ઉલ્લેખ કર્યો છે. બ્રહ્માની રાત અને બ્રહ્માનો દિવસ. બ્રહ્માની રાત એટલે દ્વાપર-કલિયુગ. આ યુગમાં આત્મા પોતાની ઓળખ ભૂલી ગઈ. જ્યારે આત્મા એ ભૂલી જાય કે 'હું આત્મા છું, શરીર મારું સાધન છે,' ત્યારે તેને કહેવામાં આવે છે – **આત્મા અજ્ઞાનતાની નિદ્રામાં પોઢી ગઈ છે. અર્થાત બ્રહ્માની રાત્રિ.** અહીં નિદ્રા અજ્ઞાનતાનું પ્રતિક છે. વળી વાર્તામાં જે અસુરની વાત કહેવામાં આવી છે તેનું નામ છે - હયગ્રીવ. હય એટલે ઘોડો અને ગ્રીવ એટલે ગરદન. મનને ઘોડા સાથે સરખાવવામાં આવે છે. ગરદન એ અભિમાનનું પ્રતિક છે. **હયગ્રીવ એટલે – દેહાભિમાન, અહંકાર અને ભ્રાંતિ.** જ્યારે આત્મા દેહને 'હું' માનવા લાગે છે, ત્યારે એ જ અહંકાર, દેહાભિમાન રૂપી અસુર આત્મિક જ્ઞાનને ચોરી લે છે. અહિયાં વેદોની ચોરીનો ભાવ આત્મિક સ્મૃતિનો લોપ છે. વાસ્તવમાં જોવા જઈએ તો વેદો એટલે – માત્ર ગ્રંથો નહીં... **વેદો એટલે – આધ્યાત્મિક જ્ઞાન, પરમાત્માની ઓળખ, જીવનનું સત્ય.** જ્યારે હયગ્રીવ (અહંકાર) જ્ઞાનને ચોરી લે છે, ત્યારે એ જ્ઞાન **અવચેતન મન (પાતાળ)** માં છુપાઈ જાય છે. પાતાળ ભાવ એ છે કે આત્મા પાસે જ્ઞાન તો છે, પણ ઉપયોગમાં નથી. જેમ કે આપણે બાળપણથી સાંભળતા આવ્યા કે આત્મા અજર-અમર અવિનાશી છે, આત્મા મરતો નથી કે આત્મા બળી શકતો નથી વગેરે - વગેરે.

એ સમજ હોવા છતાં આપણે શારીરિક ભાનમાં જીવીએ છીએ. માટે અહિયાં **પાતાળ એ કોઈ જગ્યા કે સ્થાન નથી પણ પાતાળ એટલે – સંસ્કારો, વાસનાઓ, ભૂતકાળની યાદોનો ભાર, જ્યાં જ્ઞાન દબાઈ જાય છે. પરિણામ સ્વરૂપે આત્મા દુઃખ, અશાંતિ, ભયમાં ફસાઈ જાય છે.**

એના પછી વાત આવે છે કે પ્રાચીન કાળમાં સત્યવ્રત નામના રાજા હતા, જે પછીથી મનુ તરીકે પ્રસિદ્ધ થયા. તેઓ અત્યંત ધર્મપરાયણ, સત્યનિષ્ઠ અને પ્રજાવત્સલ રાજા હતા. એક દિવસ રાજા સત્યવ્રત નદીમાં સ્નાન કરી રહ્યા હતા. ત્યારે તેમની અંજલિમાં એક નાનું માછલું આવી પડ્યું. માછલાએ કંપતી વાણીમાં કહ્યું – 'હે રાજન્! મને બચાવો, મોટા માછલા મને ખાઈ જશે.' રાજા દયાળુ હતા. તેમણે તે માછલાને કમંડળમાં પાણી ભરીને રાખી દીધું. પરંતુ આશ્ચર્ય! થોડા સમયમાં જ તે માછલું ખૂબ મોટું થવા લાગ્યું. કમંડળ નાનું પડી ગયું, તેથી રાજાએ તેને મટકામાં, પછી કુંડમાં, અને અંતે સમુદ્રમાં મૂક્યું.

ત્યારે માછલાએ પોતાનું સાચું સ્વરૂપ પ્રગટ કર્યું અને કહ્યું – 'હે રાજન્! હું વિષ્ણુ છું. થોડા સમયમાં પ્રલય આવશે.'ભગવાને મનુને કહ્યું – 'મહાપ્રલય સમયે ધરતી જળમાં ડૂબી જશે. તું એક વિશાળ નૌકા બનાવજે. તેમાં સાત ઋષિઓ, વિવિધ જીવ જંતુઓના બીજ, તમામ ઔષધિઓ અને ધર્મગ્રંથો સુરક્ષિત રાખજે.'

આ વાર્તા સાંભળ્યા પછી વ્યાસજીની વિચારશક્તિને સાક્ષીદૃષ્ટા થઇ સમજવા જેવું છે. આમ પણ વૈજ્ઞાનિક દ્રષ્ટીએ એ શક્ય નથી કે માછલી એક દિવસમાં સ્વરૂપ બદલી નાખે અથવા પરમાત્મા માછલીનું રૂપ લઇ અવતરે. આ વાતને ક્યાંક ને ક્યાંક આધ્યાત્મિક દૃષ્ટિકોણથી સમજવું રહ્યું. જુઓ આ સૃષ્ટી સ્મૃતિ - વિસ્મૃતિનો ખેલ છે. બ્રહ્માનો દિન અને બ્રહ્માની રાતનું ચક્ર છે. આ ચક્રમાં આત્મા અનેકવાર શરીર ધારણ કરે છે અને શરીર છોડે છે, જેણે આપણે જન્મ-મૃત્યુનું ચક્ર કહીએ છીએ. વળી આત્માનો સ્વભાવ ભૂલી જવાનો છે. **આત્મા પોતાના સ્વરૂપને ભૂલી જાય છે, સૃષ્ટિના આદિ-મધ્ય-અંતના જ્ઞાનને ભૂલી જાય છે, પરમાત્માને ભૂલી જાય છે. પરિણામ સ્વરૂપે આત્માની અધોગતિ થાય છે, આત્મા તમોપ્રધાન બને છે અર્થાત આત્મા રસાતલમાં (પાતાળમાં) પહોંચી જાય છે. સૃષ્ટિની આ સ્થિતિને જ શિવરાત્રિ કહેવામાં આવે છે.** વર્તમાન સમયે આપણે અનુભવી રહ્યા છીએ કે બેહદની શિવરાત્રિના સમયે પરમાત્મા શિવ અવતરી ચુક્યા છે.

આજથી 90 વર્ષ પહેલા પરમાત્માને સંકલ્પ આવ્યો. સૌ પ્રથમ બ્રહ્માને વિષ્ણુનો સાક્ષાત્કાર કરાવી લક્ષ્ય આપ્યું. પછી મહાપ્રલયનો સાક્ષાત્કાર કરાવી પુરુષાર્થનો માર્ગ ચીંધ્યો. બ્રહ્મા, જે પોતાના અસ્તિત્વને ભૂલી ગયા હતા, તેઓને સત્ય જ્ઞાન આપી સત્યવ્રત ધારણ કરાવ્યું. અર્થાત બ્રહ્મા અજ્ઞાન નિદ્રામાંથી જાગ્યા. પછી પરમાત્મા શિવે પોતાનું સ્વરૂપ બતાવી સૃષ્ટિના કલ્યાણનું કાર્ય આરંભ કર્યું. પહેલા નાનું માછલું અર્થાત નાના પાયા પર જ્ઞાનની શરૂઆત કરી. બુદ્ધિ રૂપી કમંડળમાં જ્ઞાન સમાવ્યું, પછી જ્ઞાનનો વિસ્તાર થયો. બ્રહ્માની આત્મા, મન પર વિજય પ્રાપ્ત કરનાર મનુ બની. અત્યારે પરમાત્માના કાર્યએ સાગર જેટલું વિશાળ સ્વરૂપ ધારણ કરી દીધું છે. પરમાત્માએ બ્રહ્માને મહાપ્રલયની વાત જણાવી છે. માટે બ્રહ્માએ સાત સમુદ્ર પાર વસતા જન-જનને બચાવવાનું કાર્ય આરંભ કર્યું છે. સૃષ્ટિ મહાપ્રલયના દ્વારે આવી પહોંચી છે અર્થાત કામ-ક્રોધ આદિ વિકારો, અત્યાચાર, ભ્રષ્ટાચાર અતિ

સુધી પહોંચી ગયા છે. ત્યારે સૌ મનુષ્યે જાગૃત થવાની જરૂર છે.

**શિવરાત્રીનું આધ્યાત્મિક સ્વરૂપ -** શિવરાત્રિનો ભાવ માત્ર ઉપવાસ કે સ્નાનાદિ પુરતો સીમિત નથી પરંતુ આત્મજાગૃતિનું વ્રત લેવાની અમૃતવેળા છે, બીલીપત્રથી અભિષેક કરવાની પરંપરા નથી પરંતુ તન-મન-ધનથી વિષય-સાગરને ક્ષીરસાગર બનાવવા માટે સમર્પિત-ભાવને અપનાવવાની વિધિ છે, આખા શરીર ઉપર ભસ્મ લગાડવાની રીત નથી પરંતુ મનમાં વૈરાગ્યભાવ જગાડવાનો સંકલ્પ છે. પરમાત્મા શિવનું અવતરણ સમગ્ર વિશ્વના કલ્યાણ માટે થાય છે, ત્યારે ફક્ત બ્રહ્માને સત્યવ્રત ધારણ કરવાનું નથી પરંતુ બ્રહ્માની સાથે સાથે સર્વ મનુષ્યાત્માઓને આ વ્રત ધારણ કરવાનું છે. શાસ્ત્રમાં મનુને સૃષ્ટિનો આદિ પુરુષ તરીકે સ્વીકારવામાં આવ્યું છે. આજે આપણે પ્રેક્ટીકલમાં જોઈ રહ્યા છીએ કે પરમાત્મા શિવ પાસેથી પ્રજાપિતા બ્રહ્મા રાજયોગ શીખ્યા અને મન પર વિજય પ્રાપ્ત કરી સૃષ્ટિચક્રના આદિ પુરુષ બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું. શિવજી જાણે છે કે જે સમયે હું અવતરું છું તે સમયે સમગ્ર મનુષ્ય અજ્ઞાન નિદ્રામાં પોઢી ગયા છે, દરેક મનુષ્ય પાસેથી દેહાભિમાન રૂપી હયગ્રીવ અસુરે જ્ઞાનરૂપી વેદશાસ્ત્રો ચોરી લીધા છે. દરેક મનુષ્ય વિકારોના વશીભૂત રસાતળમાં છે. તેથી જ શિવજીએ રાજયોગ રૂપી મોટું જહાજ બ્રહ્માના માધ્યમથી બનાવ્યું છે. જહાજમાં ચઢવાની કે બેસવાની શક્તિ કોઈ મનુષ્યમાં નથી તેથી શિવજી દરેકને મદદ પણ કરી રહ્યા છે. માટે શિવજીને ભોળા કહેવામાં આવે છે, કલ્યાણકારી, મંગલકારી કહેવામાં આવે છે.

હવે આપણા સૌની ફરજ છે કે બ્રહ્માની જેમ સર્વના કલ્યાણ માટે ઘર-ઘર સંદેશ પહોચાડી જેટલાને જહાજમાં બેસાડી શકાય તેટલાને બેસાડીએ. કારણ કે મહાપ્રલયના ભણકારા દેખાઈ રહ્યા છે. પરમાત્મા શિવજીએ જે સંકલ્પ લઈને ધરતી પર અવતરણ કર્યું છે તે સંકલ્પને સાકાર કરવાનું કર્તવ્ય આપણા સૌનું છે. અચ્છા,

**॥ ઓમશાંતિ ॥**

---

(પેજ નં. 31નું અનુસંધાન)... મહાશિવરાત્રિ

**મનુષ્યાત્માઓ અને સંસારનું કલ્યાણ થઈ શકે છે.**

**ઈશ્વરીય સંદેશ**

**વર્તમાન તમોપ્રધાન ધર્મગ્લાનિના સમયમાં નિરાકાર જ્યોતિર્બિંદુ સ્વરૂપ પરમપિતા શિવનું આ પૃથ્વી પર અવતરણ થયે ૮૦ વર્ષ થઈ ચૂક્યા છે. પરમાત્મા શિવ અનેક આધ્યાત્મિક રહસ્યોનો ઘટસ્ફોટ કરીને સત્ય ધર્મની સ્થાપનાનું દિવ્ય કર્તવ્ય કરી રહ્યા છે. એકબાજુ જૂની પતિત દુનિયાના વિનાશ માટે મહાપ્રલયકારી અણુશસ્ત્રોનો જમાવટો થઈ ચૂક્યો છે. તો બીજી બાજુ પ્રાકૃતિક શક્તિઓ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી રહી છે. ભૂકંપ, વાવાઝોડું, જીવનરક્ષક પડ ઓઝોનમાં ગાબડું, તાપમાનમાં વૃદ્ધિ, મોસમમાં પરિવર્તન આ બધુ જૂની દુનિયાના અંતનો સ્પષ્ટ સંકેત કરે છે. તેથી વર્તમાન સંગમયુગમાં નિરાકાર પરમાત્મા શિવ તથા પોતાને યોગ્ય રીતે ઓળખીને નજીકના ભવિષ્યમાં આવનારી નવી સતયુગી દૈવી સતોપ્રધાન દુનિયામાં પ્રવેશવા પાવન પવિત્ર બનો અને તમોગુણી સ્વભાવ અને સંસ્કારોનો ત્યાગ કરી પોતાના જીવનમાં તથા આ સૃષ્ટિમાં સત્યમ્ શિવમ્ સુંદરમ્ના મંગલમય તત્ત્વોનો સંચાર કરી સાચી શિવરાત્રિ ઉજવીએ.**

**॥ ઓમશાંતિ ॥**

### જ્ઞાન પરબ

# સત્ય પ્રકાશ

બ્ર.કુ. જગદીશભાઈ, ઈસનપુર, અમદાવાદ

આપણે નાના હતા ત્યારે એક પ્રાર્થના ગાતા હતા,

**'ઊંડા અંધારે થી પ્રભુ પરમ તેજે તુ લઈ જા,**
**અસત્યો માંહેથી, પ્રભુ પરમ સત્યે તું લઈ જા'**

જ્યારે મનુષ્ય અંધારામાં ભટકી જાય છે, ત્યારે ક્યાંક ખાડામાં પડે છે તો ક્યાંક ખાબોચિયામાં, ક્યારેક કોઈ વસ્તુ સાથે અથડાઈ જાય છે, તો ક્યારેક કાંટાઓની જાળીમાં ફસાઈ જાય છે. આવી અંધકારભરી વિકટ પરિસ્થિતિમાં એક નાનો દીપક, બેટરી, મોબાઈલ કે મીણબત્તી હોય તો પણ ખૂબ જ મદદરૂપ બને છે. જો ચોવીસ કલાકમાં આવતા સ્થૂળ દિવસ રાત્રિના અંધારાની અહીં વાત હોત, તો સૂર્યોદય થતાં જ સૂર્યપ્રકાશથી અંધારુ દૂર થઈ જાત અને પ્રભુને આ પરમ તેજે લઈ જવાની પ્રાર્થના કરવાની જરૂર જ ના રહેત. આ કામ તો એક નાનો દીપક પણ કરી શકે ને? આવા નાના કામ માટે પરમાત્માને વિનંતી કરવાની શું જરૂર પડે? પરંતુ વર્તમાન કળિકાળના સમયમાં મનુષ્યો અજ્ઞાન, અંધશ્રદ્ધા, વહેમ, વિકાર, રીતિ, રિવાજો, વ્યસન અને ફેશન રૂપી અંધકારમાં ભટકી રહ્યા છે. દુઃખના માર્યા મનુષ્યો જ્યોતિષ, ભુવા, જાગરીયા, ગુરુઓ કે બાધા આપનાર પાખંડીઓની ચુંગાલમાં ફસાઈ જાય છે. મનુષ્યોને એ ખબર જ નથી કે હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? ક્યાં જવાનું છે? મારે શું કરવાનું છે? આ જ્ઞાન પ્રકાશથી આત્મા વંચિત છે માટે જ પ્રભુને વિનંતી કરે છે કે અમને આ અજ્ઞાનના ઊંડા અંધારેથી પરમ તેજ પ્રકાશ તરફ દોરી જાઓ. આત્મા ઘરનો રસ્તો ભૂલીને જન્મ મરણની ભૂલભૂલૈયામાં ફસાઈ ગઈ છે. સંસારની મોહજાળમાં ફસાયેલ માનવી ચારે બાજુથી એટલો ઘેરાયેલો છે કે સવારથી સાંજ સુધી કમાવા નીકળેલા માણસને પોતાના આ સવાલો વિશે વિચારવાનો અવકાશ પણ મળતો નથી.

વિદ્યાર્થીઓના પાઠ્ય પુસ્તકના પ્રથમ પાના પર જ એક પંચ વાક્ય લખેલું હોય છે 'તમસો માં જ્યોતિર્ગમય' તમસ એટલે રાત્રિ, અંધકાર. હે! પ્રભુ અમને અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્યોતિ તરફ ગમન કરાવો. આ અજ્ઞાન રુપી અંધકાર-માંથી જ્યોતિ તરફ લઈ જનાર એક જ્યોતિ બિંદુ સ્વરૂપ નિરાકાર પરમ આત્મા જ છે. બાકી બધી જ આત્માઓ ચાહે તે ધર્માત્મા હોય, મહાત્મા હોય, પુણ્યાત્મા હોય, ગુરુ, ગોસાઈ, સાધુ, સંત, પીર, પૈગંબર કે ધર્મ સ્થાપક જ કેમ ન હોય, આ બધા જ અજ્ઞાનના અંધકારમાં અટવાયેલા છે. આપણા સનાતન ધર્મમાં ત્રણ રાત્રિ મશહૂર છે. શિવરાત્રી, બ્રહ્માની રાત્રી અને નવરાત્રી આ ત્રણેય રાત્રીનો ખૂબ જ મહિમા છે. કારણ કે, સ્વયં નિરાકાર, જ્યોતિબિંદુ સ્વરૂપ ભગવાન શિવ, બ્રહ્માના સાકાર માધ્યમ દ્વારા અને બ્રહ્મા પોતાની માનસ પુત્રીઓ બ્રહ્માકુમારીઓ અર્થાત શિવની શક્તિઓ દ્વારા સમગ્ર સંસારને અજ્ઞાન રૂપી અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય છે. આટલુ મહાન ભગીરથ કાર્ય કરવા છતાં પણ પરમાત્મા શિવની યાદમાં શિવરાત્રીના દિવસે સરકાર તરફથી કોઈ જાહેર રજા રાખવામાં આવતી નથી, જ્યારે મહાત્માઓ અને દેવાત્માઓના જન્મદિવસ અને મૃત્યુ દિવસ પર સરકારી કાર્યાલયો, સ્કૂલો, કોલેજો,

હોસ્પિટલો વગેરેમાં રજા આપવામાં છે.

આપણે ઘણી વાર ભજન ગાતા આવ્યા છીએ કે, 'શેરી વળાવી સજ કરું ઘેર આવોને, આંગણિયે વેરુ ફૂલ હરી ઘરે આવોને' તેમજ દયા કરી દર્શન શિવ આપો. હવે જ્યારે હરિ ઘરે દર્શન આપવા પધાર્યા છે, ત્યારે આપણે શું કરી રહ્યા છીએ? અનેક જન્મોથી જેને આપણે પોકારતા આવ્યા કે, હે ! પ્રભુ આપ અમારા દુઃખ દર્દ હરી લો, સદબુદ્ધિ આપો, સદગતિ કરો, એ દિવ્યબુદ્ધિ દાતા, મુક્તિ જીવનમુક્તિ દાતા, સદગતિ દાતા જ્યારે આપણા આહવાન પર આ ધરતી પર પધાર્યા છે ત્યારે આપણે કેમ તેમનાથી દૂર દૂર રહીએ છીએ. દેવો અને દાનવો જેમના એક વરદાન માટે અનેક વર્ષો તપશ્ચર્યા કરતા હતા. તે સ્વયંમ દેવોના દેવ મહાદેવ, શિવશંભુ ભોલાનાથ, જ્યારે સામેથી આપણને અનેક નિત્ય નવા વરદાનથી નવાજી રહ્યા છે ત્યારે આપણે તેમની પાલનાથી કેમ વંચિત રહીએ છીએ. તેમની આજ્ઞા પાલન માટે કોની રાહ જોઈ રહ્યા છીએ? ભક્તિ-માર્ગમાં આપણે અનેક જડચિત્રો અને મૂર્તિઓનો શૃંગાર કર્યો, હવે જ્યારે સ્વયં ભગવાન હોવનહાર દેવતાઓનો ગુણોથી શૃંગાર કરી રહ્યા છે ત્યારે કેમ આપણે નિયમિત મુરલી-ક્લાસમાં હાજર રહી, આત્માનો જ્ઞાનરત્નોથી શ્રૃંગાર કેમ નથી કરી રહ્યા? શું આપણી વિવેકબુદ્ધિ જાગૃત થઈ નથી?

જે શિવના દર્શન માટે અમરનાથ, કેદારનાથ, પશુપતિનાથ, મહાકાલેશ્વર, સોમનાથ, રામેશ્વર વગેરે મંદિરમાં કલાકો સુધી લાઈનમાં ઊભા રહ્યા, તે સ્વયંમ્ શિવ આજે આપણી સામે, સન્મુખ આવીને ભણાવી રહ્યા છે. આપણા અનેક જન્મોના વિકારો રૂપી રોગોને મટાડવા માટે સર્જનોના સર્જન વૈદ્યોના વૈદ્ય સ્વયંમ બાબા વૈદ્યનાથ 21 જન્મ માટે મફત નિરોગી બનાવી રહ્યા છે તો કેમ આપણે તેનો લાભ ના લઈએ? અનેક દેવતાઓની જય બોલાવ્યા પછી જે ક્યારેય હાર્યા નથી તેવા કાલોના કાલ મહાકાલની હર હર મહાદેવ કહીને જય બોલાવીએ છીએ. તે સર્વ શક્તિવાન શ્રી હરિ સ્વયંમ આપણા દુઃખ હરવા માટે તેમજ સર્વ શક્તિઓથી સંપન્ન બનાવી રાવણથી જય અપાવવા માટે આવ્યા છે ત્યારે આપણે સાંસારિક માયાજાળમાં કેમ ફસાયેલા છીએ?

સમસ્ત સંસારમાં જેમનું 'સત્યમ્ શિવમ્ સુન્દરમ્'ના રૂપે ગાયન થાય છે, તે સ્વયંમ્, સત્ય પરમાત્મા શિવ, જેને આપણે ગોડ ઈઝ ટ્રુથ કહીએ છીએ, તે સત શ્રી અકાલ, સત્ય કેવલ સાહેબ આપણને અનેક અસત્યોમાંથી બહાર કાઢી સત્ય તરફ લઈ જવા આવ્યા છે ત્યારે શું આપણે તેમની આજ્ઞા અર્થાત શ્રીમતનું પાલન કરી રહ્યા છીએ?

સ્વયં ભગવાને અસત્યના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જે સત્ય જ્ઞાનનો પ્રકાશ આપ્યો છે, તેના કેટલાક જ્ઞાન બિંદુઓ અહીં પ્રસ્તુત છે.

* આપ શરીર નહીં પરંતુ એક અજર અમર અવિનાશી આત્મા છો. આપ આત્માઓએ ભિન્ન-ભિન્ન નામરૂપ વાળા જુદા જુદા શરીર ધારણ કરીને આ સૃષ્ટિ નાટકમાં અનેક પાર્ટ બજાવ્યા, હવે આ નાટક પૂરું થવા આવ્યું છે અને આપ સૌએ મુજ પરમાત્માના નિવાસસ્થાન પરમધામમાં અર્થાત્ આપના ઘરે પાછા જવાનું છે.
* હું પરમાત્મા કણ-કણમાં બિરાજમાન કે સર્વવ્યાપી નથી પરંતુ પરમધામનો નિવાસી છું.
* મનુષ્ય આત્માનો જન્મ ફક્ત મનુષ્ય યોનિમાં જ થાય છે, પશુ પક્ષીની યોનીમાં નહીં.

* પુરા કલ્પમાં દરેક મનુષ્ય આત્માઓનો વધારેમાં વધારે ફક્ત 84 જન્મ જ થાય છે. 84 લાખ યોનીઓમા નહીં.
* કળિયુગના લાખો વર્ષ નથી પરંતુ ફક્ત 1250 વર્ષ જ છે અને આ કળયુગ પૂર્ણ થવામાં થોડોક જ સમય બાકી રહ્યો છે.
* સ્વર્ગ અને નર્ક કોઈ આકાશ કે પાતાળમાં અલગ સ્થાને નથી પરંતુ સૃષ્ટિનો જ એક સતોપ્રધાન સમય છે, જ્યારે સૃષ્ટિ ઉપર પાંચ વિકારોનું અસ્તિત્વ જ હોતું નથી અને દરેક આત્માઓ સર્વગુણ સંપન્ન, સોળે કલા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ, ડબલ અહિંસક હોય છે.
* ગીતા જ્ઞાનદાતા શ્રીકૃષ્ણ નહીં પરંતુ સ્વયં નિરાકાર શિવ પરમાત્મા છે, જે બ્રહ્માના સાકાર તનનો આધાર લઈ, બ્રહ્માના મુખકમલ દ્વારા ગીતાજ્ઞાન આપે છે અને રાજયોગ શીખવાડે છે.
* કાલચક્રમાં ફક્ત ચાર યુગ જ નથી પરંતુ પાંચમો યુગ સંગમયુગ ગુપ્ત છે, જે યુગમાં સ્વયં પરમાત્મા આ સૃષ્ટિ પર અવતરીત થઈને ગીતાજ્ઞાન અને રાજયોગ શીખવાડે છે.
* રાવણ કોઈ દસ માથા વાળો અસુર હોતો નથી પરંતુ દરેક મનુષ્ય માત્રમાં રહેલા પાંચ વિકારોનું પ્રતીક છે.
* ભગવાને કોઈ વાંસની મુરલી વગાડી નથી પરંતુ તેમના મુખેથી નીકળેલા મહાવાક્યો અર્થાત ગીતા જ્ઞાન જ જ્ઞાન મુરલી છે.
* સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, શનિ તેમજ તારા ગણ, આ સર્વે કોઈ દેવતાઓ નથી પરંતુ એ પ્રકૃતિના તત્વો જ છે.

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 14નું અનુસંધાન)...સત્યમ્ શિવમ્

**પ્રકાશ આવવાથી અંધકારને ભગાવવો પડતો નથી. સત્યના સામે અસત્યતાના કદમ ડોલવા માડે છે, સત્યના સામે અસત્ય ભયભીત બની જાય છે. સત્ય પ્રકટ થતાં જ અસત્યનાં મૂળ કમજોર બની જાય છે. વાસ્તવમાં અસત્યમાં શક્તિ છે જ ક્યાં ?**

**સત્ય શિવ દ્વારા બતાવવામાં આવેલું સુંદરતમ સત્ય આપણા અંતઃકરણમાં સમાઈ જાય તો આપણું અંતઃકરણ સાચે જ સત્યના પ્રાદુર્ભાવથી પ્રફુલ્લિત થઈ જાય અને સુંદર અલૌકિક, વિશ્વનું આકર્ષણ બની જશે. આપણા જીવનમાંથી આ અસત્યતાનો લોપ-કામ, ક્રોધ-સ્વતઃ જ ભસ્મીભૂત થઈ જશે. અને ત્યારે જ આપણે માનવ, સત્યમાનવ દેવમાનવ બની શકીશું. આજ સુધીના માર્ગોએ મનુષ્યને દેવ નથી બનાવ્યો. આજ તો માનવ નામ માત્ર માનવ રહી ગયો. તેની તુલના જાનવરોથી કરવી ગ્લાનિ નહીં કહેવાય પરંતુ જાનવરથી પણ બદતર, કારણ કે, જાનવર પણ મર્યાદિત જીવન વિતાવે છે. મનુષ્ય તો સંયમને ભૂલી જ ગયો છે. એટલે હે દેવ પૂજારીઓ, પોતાનો માર્ગ બદલો અને દેવ તુલ્ય બનવાનો પુરુષાર્થ કરો ! ભલે તમારે કંઈ પણ સહન કરવું પડે.... સહન કરવામાં જ આનંદ મળે અને અંતમાં પરમ આનંદની પ્રાપ્તિ થાય....**

- સમસ્યાઓથી ગભરાઈને નાસી છૂટવાની વૃત્તિ રાખશો નહીં. કેમકે પલાયન થઈ જવાની આ પ્રવૃત્તિ અનેક મુશ્કેલીઓનું મૂળ છે.
- સદા હર્ષિત રહેવું છે તો દરેક દ્દશ્યને સાક્ષી બનીને જુઓ.

# આલોચના પીતા શીખો

બ્ર.કુ. નીતા, પાટણ

આપણે જીવનની સફરમાં જેટલા આગળ વધીએ, એટલે આપણા આલોચકોને સંખ્યા વધતી જવાની. પરંતુ જેમને આગળ વધવું છે એ આલોચના તરફ ધ્યાન આપતા નથી. જો આલોચના તરફ ધ્યાન આપશે, તો ક્યારે આગળ વધી શકશે નહીં. આપણે ક્યારેય આલોચનાથી દુ:ખી થવું જોઈએ નહીં. આલોચનાઓ રૂપી પથ્થર નાખવાવાળા ઉપર ગુસ્સે પણ થવું જોઈએ નહીં. આલોચનાઓના પથ્થરને સેટ કરી સીડી બનાવી લેવી જોઈએ.

આપણને જીવનમાં બે પ્રકારની વાતો વધારે યાદ રહે છે. એક તો આપણી પ્રસંશા, મહિમા અને બીજી વાત છે આપણી નિંદા, આલોચના. દિવસમાં ઘટેલી ઘટનાઓ, દ્રશ્યો આપણા મનની દિવાર ઉપર છબીની જેમ ટંકાઈ જાય છે. મહિમાની વાતો યાદ કરીને ખુશી થાય છે. મહિમાના શબ્દોને જેટલી વાર યાદ કરીશું તેટલીવાર ચહેરો ખીલી ઉઠશે. બીજાની આગળ વર્ણન કરીને ધન્યતા અનુભવીએ છીએ.

કોઈએ આપણી નિંદા કરી તો દુ:ખી થઈ જઈએ છીએ. વારંવાર દર્દ ભર્યા શબ્દો હથોડાની જેમ વાગે છે અને દુ:ખી કરી નાખે છે. જેટલી વાર યાદ આવે દુ:ખી થઈ જવાય છે. કોઈની આગળ વર્ણન કરીને વર્ષો પહેલાંની ઘટનાને યાદ કરીને કોઈની આગળ દુ:ખી થઈએ છીએ.

એકવાર એક ઓફિસર નવા નિયુક્ત થયા હતા, હાજર થયા, એ દિવસે સચિવને કહ્યું કે મારા આલોચકોની યાદી તૈયાર કરો. તેમને આલોચકોની યાદી બનાવી. ઓફિસરને આપી. ફરીથી કહ્યું કે આ લિસ્ટમાંથી કટ્ટર આલોચક અલગ તારવો. ફરીથી તેમણે કટ્ટર આલોચકોને અલગ કરીને યાદી આપી. સચિવને કહ્યું સાહેબ, આ લોકો માટે શું સજા છે ? ઓફિસરે કહ્યું, વિરોધ કરવાવાળા આલોચકોને આલોચના કરવા વાળાને મારે મુખ્ય સલાહકારની પદવી આપવી છે. આજ સુધી હું જેટલો આગળ આવ્યો છું, તેનો આધાર આલોચક જ છે. તેમણે મારી કમી બતાવી. જે કમીઓને ઠીક કરી અને જેથી આજે મને આ સફળતા મળી છે. હજુ પણ આગળ વધવા માટે મારે આવા મુખ્ય સલાહકારો જોઈએ છે જે મને આગળ વધારશે.

જેટલા પણ લોકો મહાન બન્યા છે એમણે આલોચનાની પરવા કરી નથી. જો આલોચના સાંભળીને બેસી રહ્યા હોત તો આગળ ન વધી શક્યા હોત. એકવાર ગાંધીજીને કોઈએ ત્રણ પેજ ભરીને આલોચનાથી ભરેલા શબ્દો લખ્યા હતા તે આપ્યા. ગાંધીજી બધું વાંચી અને ત્રણ પેજ પાછા આપી માત્ર ટાંકણી લઈ લીધી. ત્રણે આલોચનાથી ભરેલા પાનાં તે વ્યક્તિને પાછા આપી દીધા. મન પર કોઈ ખરાબ કે દુ:ખનો ભાવ નહીં. આપણે પણ જો આપણા આલોચકોથી દૂર ભાગી જઈશું તો આગળ વધી શકીશું નહીં. આલોચકોનું કામ છે, આલોચના કરવી. આપણે સારું કરીશું કે પછી ખરાબ તેમને તો આલોચના જ કરવી છે. એ તો કોઈ પણ પરિસ્થિતિમાં આલોચના કરતા જ રહેશે.

દ્રષ્ટાંત આપણે વર્ષોથી જાણીએ છીએ એક પિતા પોતાના દીકરાને લઈને એક ગામથી બીજે ગામ જતા હતા સાથે એક ઘોડો પણ હતો ઘોડાને દોરીને જઈ રહ્યા હતા. એક ગામના પાદરથી

(અનુસંધાન પેજ નં. 11 પર)

# ગુણોની એબીસીડી

બ્ર.કુ. નીતા, પાટણ

આપણે સૌ સ્કૂલમાં ભણવા બેઠા એટલે એબીસીડી શીખીને અનેક ડિગ્રી હાંસલ કરી છે. એ ફોર એપલ અને બી ફોર બનાના આવા અનેક અક્ષરો શીખીને અંગ્રેજી ભાષામાં પ્રભુત્વ મેળવ્યું. પરંતુ, જીવનની નિશાળમાં સાચા અર્થમાં એબીસીડી શીખતા શીખતા જીવન પૂરું થઈ જાય છે છતાં પણ એબીસીડી પૂરેપૂરી શીખી શકાતી નથી.

**એ - ability/એબીલીટી -** બુદ્ધિબળ, કાર્યશક્તિ, કૌશલ્ય. કુશળતા તો આપણા દરેકની પાસે છે. કોઈની પાસે ગાવાની, તો કોઈની પાસે નૃત્યની, લખવાની, બોલવાની કોઈને કોઈ કુશળતા જરૂર હોય છે. પરંતુ તે કુશળતાનો આપણે કેવી રીતે ઉપયોગ કરીએ છીએ તેના ઉપર આધાર રહેલો છે.

**બી - Balance/બેલેન્સ -** જીવનમાં બેલેન્સનું ઘણું મહત્વ છે. જ્યાં કડક વલણ રાખવાની જરૂર હોય ત્યાં નરમ વલણ ન રાખો અને જ્યાં નરમ વલણની જરૂર હોય ત્યાં કડક વલણ ન રાખો. આંખોની દૃષ્ટિ ભલે આકાશ તરફ રાખો. પરંતુ પગ તો ધરતી પર રહેવાના છે. પતંગની ઉડવાની છૂટ છે, પરંતુ શર્ત એ છે એની દોરી જમીન પર રહેલ વ્યક્તિના હાથમાં હોય.

**સી - Character/કેરેક્ટર -** ચરિત્રનું જીવનમાં ઘણું મૂલ્ય છે. માટે જ કહેવામાં આવે છે કે ચરિત્ર ગયું તો બધું જ ગયું. ચરિત્ર ભલે મોટા પ્રગટ થતું હોય નિર્માણ તો નાના પ્રસંગોમાં જ થાય છે. નાના નાના કાર્યોથી સાવધાન રહેવાની જરૂર છે. ચરિત્ર રૂપી સફેદ ચાદરમાં નાનકડો પણ કાળો દાગ ન લાગે તે માટે આપણે જીવનભર સજાગ રહીએ.

**ડી - Daring/ડેરીંગ -** દરેકના જીવનમાં સમસ્યાઓ તો આવે જ છે પરંતુ જે વ્યક્તિઓ હિંમતથી સામનો કરે છે તે જ આગળ જાય છે. જીવનમાં જે સાહસ કરે છે તેને જ ભાગ્ય સહાય કરે છે.

**ઈ - Ethics/એથીક્સ -** નીતિ નિયમોનું ખૂબ જ મહત્વ છે. જે કામો કર્યા પછી અંતઃકરણ હા પાડે તે નીતિ અને ના પાડે તે અનીતિ. અંતરાત્માના અવાજને સાંભળીને કરેલું કર્મ નીતિ મુજબ જ હોય છે.

**એફ - Forgiveness/ફરગીવનેસ -** માફ કરવું એ સૌથી મોટામાં મોટો ગુણ છે. માફ કરી દેવાથી ભૂતકાળ બદલાઈ જવાનો નથી, પરંતુ ભવિષ્ય સુધરી જાય છે.

**જી - Giving/ગિવિંગ -** જીવનમાં આપવાનો ગુણ સૌથી મહત્વનો છે. આપણે જ્યારે કોઈને કંઈક આપીએ છીએ ત્યારે ગુમાવતા નથી પરંતુ આરક્ષિત કરીએ છીએ.

**એચ - Habit/હેબિટ -** આદત બનતાં પહેલા આપણે ખૂબજ ધ્યાન રાખવાની જરૂર છે. સારી આદતો વધે તો ફાયદો અને ખરાબ આદતો ખતમ થઈ જાય એમાં જ ફાયદો છે. આદત એ એક એવું દોરડું છે. આપણે જ તેને રોજ વણીએ છીએ અને છેલ્લે આપણાથી જ તેને તોડી શકવું અશક્ય બને છે.

**આઈ - Introspection/ઈન્ટ્રોસ્પેક્શન -** અંતર્મુખતા- આપણે જીવનમાં અંતર્મુખી બનવાની ખુબ જરૂર છે. જરા આંખ ખોલીને આત્મનિરીક્ષણ કરો. આપણે જે જીવન જીવીએ છીએ તેનાથી

આપણને પોતાને સંતોષ છે ખરો? દિવસમાં એવા જ કામ કરીએ જે કાર્યો આપણને સુખ આપે, શાંતિ આપે. પરદર્શન તો ઘણું કર્યું આવો હવે સ્વચિંતન સ્વદર્શન કરી સ્વયંના દોષોને દૂર કરીએ.

**જે - Jealousy/ જેલસી-** ઈર્ષા એ બીજું કંઈ નહીં પણ એક પ્રકારની ઉધઈ છે.પોતાના જ હૃદયને કોરી ખાય છે. ઈર્ષા એ એવું મીઠું ઝેર છે જે આપણને ખબર પણ નહિ પડે અને જીવન નષ્ટ કરી નાખે છે .

**કે - Karma/કર્મ -**જેવું કર્મ આપણે કરીશું આપણને જોઈને બીજા કરશે .કર ભલા હોગા ભલા ,કર બુરા હોગા બુરા કર ભલા હોગા ભલા.

**એલ - Love/લવ -** દુનિયાના બધા જ દર્દોની એક જ દવા છે જેનું નામ છે પ્રેમ. પ્રેમનું પ્રિસ્ક્રિપશન તો અવારનવાર અપાય છે. પરંતુ તે ભાગ્યે જ લેવાય છે. પ્યાર જીવનનું અમૃત છે જે જીવનને ઘણી શક્તિ આપે છે. માતાપિતા-પુત્રનો પ્રેમ, ભાઈ બહેનનો પ્રેમ, મિત્ર મિત્રનો પ્રેમ, પ્રેમ એ જીવન રૂપી વૃક્ષને જીવન્ત રાખનારી જીવાદોરી છે.

**એમ - Motivation/મોટિવેશન -** જીવનમાં ચારે બાજુ અંધકારના ગાઢ વાદળો મંડરાય છતાં પણ નિરાશ ન થાઓ કાળી અંધારી રાત પછી જ સોનેરી સવાર આવે છે. જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ આવે પરંતુ પોતે પોતાને મોટીવેટ કરતા રહો. માણસ ક્યારેય ઘટનાથી દુ:ખી થઈ શકે નહીં તે તો તેણે કરેલા અર્થઘટનથી જ દુ:ખી થતો હોય છે .

**એન- No/નો -** જીવનમાં ઘણી બધી જગ્યાએ ના પાડવાની જરૂર હોય છે. ના પાડવા માટે પણ આપણી પાસે પૂરતી હિંમત હોવી જરૂરી છે.જ્યાં ખરાબી છે ત્યાં ના કહેતા શીખો .

**ઓ - Opportunity/અપોર્ચ્યુનિટી -** ઉજ્જવળ તક તો બધાને મળતી હોય છે. પણ તેમાંથી ઘણા બધાને ખબર જ નથી પડતી કે તે આપણને મળી હતી. કારણ કે તેઓ તકને ઝડપીને આગળ વધતા નથી .

**પી - Present/પ્રેઝન્ટ-** બીજા બધા કરતાં વર્તમાન સમયનો એક બહુ મોટો ફાયદો એ છે કે તે આપણો પોતાનો છે. વર્તમાન સમયે આપણી ગોડલી ગિફ્ટ છે. ભૂતકાળ એક ઈતિહાસ છે વર્તમાન એ ગોડલી ગિફ્ટ છે અને ભવિષ્ય એક મિસ્ટ્રી છે.

**ક્યુ - Question/ક્વેશ્ચન-** જીવનમાં હરપલ નવો પ્રશ્ન આપણી સમક્ષ આવે જ છે. જિંદગી રોજ નવું પ્રશ્નપત્ર આપણા હાથમાં ધરી દે છે અને આપણે તેને પાસ કરવું જ પડે છે. જીવનમાં આપણે કંઈકને કંઈક શીખતા રહેવાનું હોય છે. આપણે ક્યારેય પણ આપણી પાસે રહેલા જ્ઞાનનું અભિમાન ન કરવું જોઈએ. જે પ્રશ્ન પૂછે છે તે પાંચ મિનિટ માટે મૂર્ખ લાગે છે, પણ જે પ્રશ્ન પૂછતો જ નથી તે કાયમ માટે મૂર્ખ રહી જાય છે.

**આર - Relation/રિલેશન -** જીવનમાં સંબંધોનું મહત્વ ઘણું બધું છે. સંબંધએ એવું પક્ષી છે જે હાથમાં પકડેલું છે અને દબાવીશું તો મરી જશે અને છોડી દઈશું તો ઊડી જશે. સાંભળીને સાચવીને પકડી રાખવું પડે છે. જીવનમાં ઘણા એવા સબંધો હોય છે જેને તોડી પણ શકતા નથી અને સંભાળી પણ શકતા નથી.

**એસ - સહનશીલતા** એ જીવનમાં મહત્વનો ગુણ છે. સહનશીલતા તાકાત અને ગુણ પણ છે જે જીવનને મહાન બનાવે છે.

**ટી - ટીમ સ્પિરિટ -** સંગઠનની શક્તિ જીવનમાં ખૂબ જરૂરી છે. જે કામ એકલા ન કરી

**(અનુસંધાન પેજ નં. 10 પર)**

# મહાશિવરાત્રી

બ્ર.કુ. સુરેખાબેન, ગોધરા

ભારત એક બહુવિધ સાંસ્કૃતિક વારસો ધરાવતો અધ્યાત્મપ્રધાન દેશ છે. જેમાં બધા જ ધર્મના તહેવારો ઉજવવામાં આવે છે. આ દરેક તહેવાર કોઈને કોઈ રૂપથી આધ્યાત્મિક સત્તા સાથે જોડાયેલ છે. પરંતુ આજના આ વૈજ્ઞાનિક યુગમાં તહેવારો હવે માત્ર ઔપચારિકતા માટે જ ઉજવવામાં આવે છે તેવું લાગી રહ્યું છે. તહેવારો પાછળ છૂપાયેલ સત્યને બહાર લાવવાની આવશ્યકતા છે. જેથી આ સંસારમાં વ્યાપેલ અજ્ઞાનતા અને તમોપ્રધાનતા દૂર થાય અને આજનો માણસ આપણી આધ્યાત્મિક ભાવના અને સભ્યતાને સાચી રીતે સમજી શકે.

પ્રતિ વર્ષ મહાશિવરાત્રીનું પર્વ ઘણી શ્રદ્ધા સાથે મનાવવામાં આવે છે. આ દિવસે પરમાત્મા શિવની આરાધના કરવામાં આવે છે. શિવલીંગ ઉપર બીલીપત્ર, ધતૂરો, દૂધ-પાણી અને ફળ-ફૂલ ચઢાવવામાં આવે છે. ભક્તજનો અખાદ્ય પદાર્થો જેવા કે ભાંગ અને ગાંજાનો પણ પ્રસાદરૂપમાં સ્વીકાર કરે છે. આ દિવસે શિવની શોભાયાત્રા પણ કાઢવામાં આવે છે. આ દિવસે ભક્તો વ્રત-ઉપવાસ કરે છે અને રાત્રે જાગરણ પણ કરે છે.

### શિવલીંગ પરમાત્મા શિવની યાદગાર

શિવ કોણ છે ? શિવના માટે લીંગ અથવા જ્યોતિર્લિંગ શબ્દનો પ્રયોગ કેમ કરવામાં આવે છે? શિવની સાથે રાત્રીનો શું સંબંધ છે ? કૃષ્ણની સાથે અષ્ટમી અને રામની સાથે નોમની તિથિ જોડવામાં આવે છે. પરંતુ શિવની સાથે રાત્રી જ કેમ જોડવામાં આવી છે ? કોઈ તિથિ કેમ જોડેલ નથી ? શિવની સાથે શાલીગ્રામ કોણ છે ? અન્ય બધા દેવતાઓ પર સારા અને સ્વાદિષ્ટ પ્રસાદ ચઢાવવામાં આવે છે. પરંતુ શિવ પર આકડાના ફૂલો અને ધતૂરો જ કેમ ચઢાવવામાં આવે છે? કેમ શિવની મૂર્તિ શરીર રહિત છે પરંતુ શિવનું વાહન નંદી શરીરધારી કેમ છે ? વગેરે શિવરાત્રી સાથે જોડાયેલ પ્રશ્નો પર વિવેકપૂર્વક અને યથાર્થ રીતથી ચિંતન કરવાની આવશ્યકતા છે. ત્યારે જ શિવરાત્રીના પર્વને યોગ્ય રીતે મનાવ્યું કહેવાશે અને સંસારને સાચી દિશા તો જ આપી શકાશે તેમજ માનવ મનમાં ફેલાયેલ અજ્ઞાનતા અને તમોગુણી આસુરી સંસ્કારોનું શમન કરી શકાશે.

### શિવરાત્રી ધાર્મિક એકતાનો તહેવાર

મહાશિવરાત્રીના સંબંધમાં બધાથી અનોખી વાત એ છે કે તેનો સંબંધ નિરાકારી અને અશરીરી પરમાત્મા સાથે છે. જ્યારે બધા તહેવારો, પર્વો અથવા જયંતિઓનો દેવતાઓ, પૌરાણિક મહાપુરુષોના જીવન સાથે સંબંધ હોય છે. એટલે કે શિવરાત્રી પરમાત્મા શિવના આ પૃથ્વી પરના દિવ્ય અવતરણની યાદગાર છે. પરમાત્મા શિવ સામાન્ય મનુષ્યોની જેમ જન્મ લેવાવાળો અને મરણ પામવાવાળો માને છે તે મૂઢમતિ છે. (અધ્યાય - ૬, શ્લોક - ૨૪, ૨૫) ફરીથી તેઓ કહે છે કે મારા દિવ્ય જન્મના રહસ્યને ન મહર્ષિ. ન દેવતા જાણે છે. (અધ્યાય - ૧૦ શ્લોક - ૨) તેથી સ્પષ્ટ થાય છે કે પરમાત્મા પ્રકૃતિના તત્ત્વોને આધિન કોઈ મનુષ્યોની જેમ શરીરધારી નથી હોતા અને વિશ્વના બધા જ ધર્મના ધર્મપિતાઓએ પરમાત્માને અશરીરી અને જ્યોતિસ્વરૂપ જ માન્યા છે. બધાએ કહ્યું છે કે હું ઈશ્વર પુત્ર છું અથવા પરમાત્માનો સંદેશવાહક છું. કોઈએ એમ નથી કહ્યું કે હું પરમાત્મા છું. ક્રાઈસ્ટે કહ્યું કે ગોડ ઈઝ લાઈટ, ગુરૂનાનકે એક ઓમકાર-

નિરાકાર, હજરત સાહેબે નૂર-એ-ઈલાહી એટલે કે ઈશ્વર પ્રકાશ સ્વરૂપ છે. મુસ્લિમો પણ મક્કામાં સંગ-એ-અસ્વદ નામના પ્રતીકને ચૂમે છે. જાપાનમાં બૌદ્ધ લોકો જ્યોતિલિંગ જેવા પથ્થરનું ધ્યાન કરે છે. ભારતમાં પણ સનાતન ધર્મીઓ બાર જ્યોર્તિલિંગના રૂપમાં પૂજન કરે છે. આમ, જ્યોતિ સ્વરૂપ શિવ સર્વ ધર્મપિતાઓ અને દેવતાઓના એકમાત્ર સર્વ માન્ય પરમપિતા પરમાત્મા છે. તેથી જ શિવરાત્રી એ ધાર્મિક એકતા અને સદ્ભાવનાનો તહેવાર છે.

### શિવરાત્રી સાથે રાત્રીનો સંબંધ

બધા જ ધર્મના અનુયાયીઓ માને છે કે પરમાત્માનું અવતરણ પાપાચાર. અધર્મ અને અજ્ઞાનતાનો વિનાશ કરીને સત્યધર્મની સ્થાપના કરવાના મહાન કાર્યના નિમિત્ત જ હોય છે. ગીતાના અધ્યાય - ૪, શ્લોક - ૭, ૮માં કહ્યા મુજબ જ્યારે ધર્મની અતિ ગ્લાનિ થાય છે ત્યારે પરમાત્માને જન્મ લેવો પડે છે તેમ હાલ જો વર્તમાન સાંસારિક પરિદ્રશ્યનું અવલોકન કરીએ તો ચારે બાજુ ફેલાયેલ કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર અને ભ્રષ્ટાચારમાં ગળાડૂબ સમાજનો અધર્મ અને ધર્મગ્લાનિનો આ જ સમય છે અત્યારે ભ્રષ્ટાચાર એ શિષ્ટાચાર બની ગયો છે. આનાથી વધુ ધર્મગ્લાનિ બીજી કઈ હોઈ શકે ? શિવની સાથે રાત્રિનો જે સંબંધ છે તે ઘોર પાપાચાર અને વર્તમાન કળિયુગમાં પરમાત્મા શિવના દિવ્ય અવતરણની યાદગાર છે. આમ પણ ભારત દર્શનમાં રાત્રિ શબ્દ એ અજ્ઞાનતા અને વિનાશકારીનો સૂચક છે. આમ પરમાત્મા શિવ અધર્મનો વિનાશ કરવા અને સત્ય ધર્મની સ્થાપના કરવા માટે એક સાધારણ વૃદ્ધ માનવીના તનમાં અવતરિત થાય છે. જેમનું નામ પરમાત્મા શિવના અવતરણ પછી પ્રજાપિતા બ્રહ્મા પડે છે. આમ પરમાત્મા શિવ સામાન્ય મનુષ્યની જેમ જન્મ લેતા નથી પરંતુ અવતરણ કરે છે. તેથી તેવો અજન્મા અને નિરાકારી છે. આ બ્રહ્મા ભગવાન શિવનો ભાગ્યશાળી શરીરરૂપી રથ હોવાના કારણે ભાગીરથ અથવા શિવના નંદી તરીકે ઓળખાય છે. આમ શિવ નિરાકારી છે પરંતુ તેમનું વાહન નંદી શરીરધારી છે.

### શિવરાત્રીનું રહસ્ય

શિવરાત્રીના દિવસે ભક્તજનો શિવલીંગ ઉપર બીલીપત્ર, ધતૂરો, દૂધ-પાણી અને ફળફૂલ ચઢાવે છે. રાત્રિ જાગરણ કરે છે તેમજ ઉપવાસ રાખે છે. વાસ્તવમાં પરમાત્મા શિવ પર યોગ્ય રૂપથી શું ચઢાવવું જોઈએ અને કેવી રીતે વ્રતનું પાલન કરવું જોઈએ તેના આધ્યાત્મિક રહસ્યને સમજવાની જરૂર છે. ધતૂરો એ વિકાર, વેર અને નફરત-ઘૃણાનું અને બિલીપત્ર એ બુરાઈઓનું પ્રતીક છે એટલે આપણે પરમાત્મા શિવ પર વિકાર, વિષય-વાસના તેમજ ખરાબ આદતો ચઢાવવી જોઈએ અર્થાત તેનો ત્યાગ કરવો જોઈએ. ઉપવાસ એટલે ઉપરવાસ. પરમાત્મા શિવની સાથે સતત વાસ કરવો એટલે કે પરમાત્માને યાદ કરવા.

રાત્રિ જાગરણનું આધ્યાત્મિક રહસ્ય છે કે, પરમાત્મા શિવના વર્તમાન સમયના અવતરણના સમયે આપણે આપણી આત્માની જ્યોતિ જગાવીએ, અજ્ઞાન નિંદ્રામાં ન રહીએ. શિવની બારાતનું રહસ્ય છે કે પરમાત્મા શિવ મનુષ્ય આત્માઓને સૃષ્ટિના આદિ, મધ્ય, અંત, સૃષ્ટિચક્ર, કર્મોની યોગ્ય સમજ તેમજ ગહન ગતિનું જ્ઞાન આપીને પોતાના નિવાસસ્થાન પરમધામમાં લઈ જાય છે વાસ્તવમાં બહુરૂપી બારાત મનુષ્યના વિકૃત સૂક્ષ્મ સંસ્કારોના શાસ્ત્રીય રૂપકનું ચિત્રણ છે એટલે કે શિવરાત્રીનું મહાત્મ્ય અને આધ્યાત્મિક રહસ્યને યોગ્ય રીતે સમજીને મનાવવાથી જ બધા

(અનુસંધાન પેજ નં. 23 પર)

# પ્રસંગ પરિમલ

## શિવજીની મહિમા

અમારા પિતાશ્રી શંકરના પરમભક્ત હતા. તેઓ દિવસે શિવલિંગ ઉપર જળ ચઢાવવા જતા હતા. અને સાંજે દીવો પ્રગટાવવા માટે જતા હતા. મોટેભાગે અમે રોજ એમને જોતા હતા. ઘટના ત્યારની છે, જ્યારે અમારા પિતાજી નારનૌલમાં પોસ્ટેડ હતા. ત્યાં મડુવાલા નામનું શિવ મંદિર ઘણું જ પ્રસિદ્ધ છે. તે અમારા ઘરની ઘણું જ પ્રસિદ્ધ છે. તે અમારા ઘરથી ઘણું દૂર હતું. આમ છતાં પણ પિતાજી નિયમિત પૂજા કરતા હતા. જ્યારે પિતાજીને બહાર જવાનું થતું તો અમે ચારે ભાઈ-બહેન દીવો પ્રગટાવવા માટે સાંજે જરૂર જતા હતા. આ કામમાં કદી ઢીલ થતી નહોતી.

એક વાર પિતાજી ચાર દિવસ માટે કામકાજ માટે બહાર ગયા. વરસાદની ઋતુ હતી. અમારી ફરજ હતી કે એમના નિયમનું પાલન કરવામાં આવે એને તોડવામાં ન આવે. તેથી અમે ચારે દીવાઓ લઈને નીકળી પડ્યાં. મારો ભાઈ જે મારાથી નાનો હતો. તે છઠ્ઠા ધોરણમાં ભણતો હતો. તે પણ હોકી લઈને સાથે આવ્યો. મંદિરના રસ્તામાં નદી આવતી હતી. અમે નદીના કિનારે પહોંચીને હેરાન થઈ ગયા કે નદીમાં પાણી બહુ વધી રહ્યું છે. અમે વિચાર્યું કે એ પાર જવું મુશ્કેલ છે. પરંતુ મંદિર તે તરફ હતું અને દીવા પ્રગટાવવા એ પણ જરૂરી હતું. અમે વિચારી જ રહ્યા હતા એટલામાં એક આદમી જે ખેડૂત જેવો લાગતો હતો. એના હાથમાં દંડો હતો. તે અમારી પાસે આવીને બોલ્યો, બાળકો મંદિરે જઈ રહ્યા છો. અમે કહ્યું, હા. જઈ તો રહ્યા છીએ પણ નદીમાં પાણી બહુ છે. તે બોલ્યા ગભરાશો નહીં. મારે પણ ત્યાં જવાનું છે. કારણ કે મારું ખેતર પણ તે બાજુ છે. એણે કહ્યું, તમે મારી પાછળ પાછળ આવો. આપણે નદી પાર કરી શકીશું. પહેલાં તો અમે બહુ ગભરાયા, પણ એનો ડંડો પકડીને ચાલી નીકળ્યાં. પાણી એની મેળે ઓછું થઈ ગયું. અમે બહુ ખુશ થઈને દીવાઓ પ્રગટાવ્યા અને ભગવાનનો આભાર માન્યો. પછી નદી કિનારે આવી ગયા. એ સમયે પાણી ઉતરી જવાને કારણે નદીમાં વધારે પાણી નહોતું. આ ઘટના સન્ 1956ની છે. અહીં આશ્ચર્યની વાત એ છે કે અમને મંદિરે લઈ જનાર ખેડૂત ક્યાંય હતો નહીં. ઘેર આવીને અમારાં માતાજીને બધી ઘટના સંભળાવી. તો તે કહેવા લાગી કે શંકરજીની કૃપાથી આ થયું છે. તેઓ જ રૂપ બદલીને તમને નદી પાર કરાવીને ચાલ્યા ગયા. ત્યારથી હું માનું છું કે ભગવાનની મહિમા ઘણી મોટી છે. જો આપણે વિશ્વાસની સાથે એમનું ધ્યાન કરીશું તો તેઓ અવશ્ય મદદ કરે છે.

## ઈમાનદારી અને સદાશયતા

વાત સપ્ટેમ્બર, 2008ની છે કોઈ કામ માટે મારે પોતાના પરિચિત પબ્લીક નોટરી પાસે જવાનું બન્યું. એમને પાંચસો રૂપિયાના પરચૂરણની જરૂર હતી. તેથી મેં પેન્ટના અંદરના ખિસ્સામાંથી 3500 રૂપિયાની ઢગલી કાઢી અને સો સો રૂપિયાની પાંચ નોટ આપીને એમની પાસેથી પાંચસોની નોટ લઈને અન્ય પાંચસોની નોટના બંડલ સાથે મૂકી દીધી. ખિસ્સામાં પૈસા મૂકતાં ખિસ્સામાં ન પડતાં ખિસ્સાની બહાર રહી ગયા. હું નિશ્ચિંત થઈને ત્યાંથી ઊઠ્યો અને કાર્યવશ થઈને ત્યાંથી ઊઠ્યો અને કાર્યવશ જિલ્લા કોષાલય - કાર્યાલયમાં કાર્યરત એક બાબુના ટેબલ પર એમની પાસે ગયો. અને કાર્ય સમાપ્ત કરીને હું અન્ય કાર્યાલયોમાં થઈને બે-ત્રણ જણને મળવા ગયો.

આ રીતે, દોઢ કિલોમીટરનું અંતર કાપીને હું કોઈ કાર્યવશ નગરમાં સ્થિત સોમનાથના મંદિર સુધી પહોંચ્યો. ત્યારે મેં પેન્ટના અંદરના ખિસ્સામાં હાથ નાખ્યો તો મને પરસેવો વળી ગયો. કારણ કે ખિસ્સામાં નોટોનું બંડલ નહોતું. એ સમયે મને ખ્યાલ આવ્યો કે નોટોનું બંડલ ખિસ્સામાં મૂકતી વખતે તે ખિસ્સામાં ન જતાં બહાર જ પડી ગયું હશે. અને ખુરશીમાંથી ઉઠતી વખતે સંભવ છે કે એ પબ્લીક નોટરીના ટેબલ પાસે જ પડી ગયું હશે. તેથી હું તરત જ તેમની પાસે ગયો. અને પોતાની સાથે બનેલ ઘટનાથી વાકેફ કરાવ્યા. તો એમણે ખેદ પ્રગટ કરીને જણાવ્યું કે મને ખબર નથી ચિંતાગ્રસ્ત અવસ્થામાં રસ્તા પર નજર નાંખતાં હું બાબુજીના ટેબલ પાસે પહોંચ્યો. અને બાબુજીને પોતાની સાથે બનેલી ઘટનાની જાણકારી આપીને પૂછ્યું કે એક પોલીથીનની થેલીમાં રાખેલ એક બંડલ એમના ટેબલ પાસે તો પડ્યું નથીને.

બાબુજીએ મારી સ્થિતિ જોઈને પહેલાં એમની પાસે પડેલી ખુરશીમાં બેસવાનું કહ્યું તો મારામાં ધીરજ આવી. મારા ખુરશી પર બેઠ્યા પછી એમણે પૂછ્યું કે કેટલા રૂપિયા હતા. મેં ઉત્તર આપ્યોને પાંચસો રૂપિયાની સાત નોટો હતી. એમણે કહ્યું કે આ થેલી કાર્યાલયના મેઈન ગેટ પર પડી પોલીથીન પારદર્શી હોવાને કારણે મને લાગ્યું કે આની અંદર તો નોટ છે. તે મેં મારી પાસે રાખ્યા. જે મને પાછા મળી ગયા.

આવા ઈમાનદાર અને સહૃદયી વ્યક્તિને ધન્યવાદ આપી પ્રશંસાના શબ્દો બોલી ઉઠ્યો. મેં કહ્યું કે ઈશ્વર એમને જરૂર ફળ આપશે.

॥ ઓમશાંતિ ॥

# છુપાવાતી સચ્ચાઈ

**બ્ર. કુ. જૂનાગઢ**

દેહનાં પુતળા જીર્ણ થવાના,
ક્યાં મોહના મહેલ ચણું છુ,
રેતી સિમેન્ટનાં મકાનમા,
ક્યાં મારાપણાનાં અહંને પોષું છુ,
ભાગદોડમા સમય બરબાદીને,
ક્યાં મનને ભમવા દવ છુ,
ફરિશ્તા બની ફાગણ થવાનું,
ક્યા ફરિયાદના ફોફા ઉડાવું છુ,
સફેદ કપડાની સાદગી અનેરી,
ક્યા રંગીન દુનિયામાં ફસાવું છુ,
સૌભાગ્યશાલી યજ્ઞ સેવાની સૌગાત,
ક્યાં મારી સેવા કરાવું છુ,
સહુના સાથથી બધું થયુંને થવાનું,
હું-હું નું પાગરણ ક્યા બાંધુ છુ,
પ્રેમથી પોતાના પરવરદિગાર પામવાના,
ક્યાં પંચાતમા પામું છુ,
જોવ ઊંડાણનું ડોક્યું જ્ઞાન સાગરમા,
ક્યાં નજરો ફેરવું છુ,
કર્ણ કુંડળને શોભે જ્ઞાન શ્રવણ-રત્ન,
ક્યાં મારી તારી કરું છુ,
હસ્ત કમળને નિસ્વાર્થ સેવા શોભે,
ક્યાં વિકર્મનાં બીજ વાવું છુ,
જીવન અર્પણ પ્રભુ સેવામા,
ક્યાં વ્યયમાં વય ગવાઉ છુ.

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Gujarat Offset Private Ltd. 'Offset House', Opp. Jain Ashram, Station Road, Vatva, Ahmedabad – 382 440. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

## DECLARATION

I **Bharti Ranchhoddas Somaiya** declare that I am the Publisher and Printer of the newspaper entitled **GYAN AMRIT** to be printed and published at AHMEDABAD and that particulars in respect of the said newspaper given hereunder are true to the best of my knowledge and belief.

| | | |
|---|---|---|
| 1) Title of the newspaper | : | GYAN AMRIT |
| 2) Language (s) in which it is (to be), published | : | GUJARATI |
| 3) Periodicity of its publication. | | |
| a) Whether a daily, tri-weekly, bi-weekly, weekly, fortnightly or otherwise. | : | Monthly |
| b) In the case of a daily, please state whether it is a morning or evening newspaper. | : | No applicable |
| c) In the case of a newspaper other than a daily, please state the days(s)/date(s) on which it is ( to be) published. | : | 1st or 2nd date of every months |
| 4) Retail selling price of the newspaper per copy. | : | Retail price Rs. 15/- |
| a) If the newspaper is for free distribution, please state that it is "for free distribution". | : | ------ |
| b) If it has only an annual subscription and no retail price, please state the annual subscription. | : | Annul Subcription Rs. 130/- |
| 5) Publisher's Name | : | Bharti Ranchhoddas Somaiya (Director-Brahma Kumaris, Gujarat) |
| Nationality | : | Indian |
| Address | : | "Jyoti Darshan", 1- Panchshil Society, Gondal Road, Rajkot - 360 004. |
| 6) Place of Publication (please give the complete postal address) | : | Prajapita Brahma Kumaris Ishwariya Vishwa Vidyalaya, "Sukh-Shanti Bhawan", Bhulabhai Park Road, Opp. Municipal School, Kankaria, Ahmedabad - 380 022. |
| 7) Printer's Name | : | Bharti Ranchhoddas Somaiya (Director-Brahma Kumaris, Gujarat) |
| Nationality | : | Indian |
| Address | : | "Jyoti Darshan", 1- Panchshil Society, Gondal Road, Rajkot - 360 004. |
| 8) Name(s) of the printing press(es) where the newspaper is actually printed and the true and precise description of the premises on which the press (es) is/are installed. | : | Gujarat Offset Pvt. Ltd. Offset House, Opposite Jain Ashram, Station Road, Vatva, Ahmedabad, Gujarat - 382440 Phone: +91-79-25831778, 25831915 |
| 9) Editor's Name | : | Prof. Dr. Kalidas Dhulabhai Prajapati |
| Nationality | : | Indian |
| Address | : | D-202 Sagar Residency, Raysan, Gandhinagar. |
| 10) Owner's Name (s) | : | For, Prajapita Brahma Kumaris Ishwariya Vishwa Vidyalaya. |
| a) Please state the particulars of individual(s) or of the firm, Joint Stock Company, trust, co-operative society or association which owns the newspaper. | : | Spiritual Organisation |
| b) Please state whether the owner owns any other newspaper, and, if so, its name, periodicity, language and place of publication. | : | No |
| 11) Please state whether the declaration is in respect of — | | |
| a) a new newspaper, or | : | - |
| b) an existing newspaper | : | Yes |
| c) In case the declaration falls under item | : | Due to death of Publisher and Printer, So Changes of Publisher and Printer's Name & Address |

PLACE : AHMEDABAD

Date : 28-02-2026

(Signature) (Bharti Ranchhoddas Somaiya)

(Under Section-6 of the Press and Registration of Books Acts-1867)
( Act No. 25 og 1867)

**AUTHENTICATED**

Sign and Stamp of Sub Divisional Magistrate (East) Ahmedabad



(૧૯૯૦) સુખશાંતિ ભવનમાં રાજયોગિની સરલાદીદી સાથે પત્રકારોની મુલાકાત કરાવતાં બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈ.



(૧૯૯૩) બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈને Ph.D.ની ડીગ્રી એનાયત થયા પ્રસંગે રાજયોગિની સરલાદીદી તેઓનું સન્માન કરતાં.



(૧૯૯૬) ટાઈમ્સ ઑફ ઈન્ડીયાના તંત્રીને મીડિયા સંમેલનનું નિમંત્રણ આપતાં ડૉ. કાલિદાસભાઈ.



(૨૦૦૨) SLU આટ્ર્સ & H&P ઠાકોર કોમર્સ કૉલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ સ્થાને યોજાયેલ વ્યાખ્યાનમાં ડૉ. પ્રોફેસર કાલિદાસભાઈ.



(૧૯૯૨) મા.આબુમાં પૂર્વ મુખ્ય પ્રશાસિકા આદરણીય દાદી પ્રકાશમણીજીને સન્માનપત્ર આપતાં બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈ.



(૨૦૦૬) મહાદેવનગર ખાતે સ્નેહમિલનમાં બ્ર.કુ. ચંદ્રિકાબેન, મહાનુભાવો સાથે દિપ પ્રગટાવતાં બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈ.



(૧૯૮૯) મહાશિવરાત્રી પર્વે 'આધ્યાત્મિક રહસ્ય' સમજાવતાં બ્ર.કુ. કાલિદાસભાઈ.



(૧૯૯૧) સાધના ભવનના 'વાર્ષિક ઉત્સવ' પ્રસંગે મહાનુભાવો સાથે મુખ્ય વક્તા બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈ.



(૨૦૧૦) 'અલવિદા તનાવ' કાર્યક્રમમાં બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈ.



(૨૦૧૪) 'પુસ્તક વિમોચન' પ્રસંગે લેખક પરિમલભાઈ સાથે બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈ.

## જ્ઞાનામૃતના તંત્રીશ્રી બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈની ઈશ્વરીય સેવાઓની સ્મારણાંજલી.




ગુજરાતી જ્ઞાનામૃતના (૧૯૭૬-૨૦૨૬) તંત્રીશ્રી બ્ર.કુ. ડૉ. પ્રોફેસર કાલિદાસભાઈ ધુળાભાઈ પ્રજાપતિને પ્રકાશક રાજયોગિની ભારતીદીદી, સમગ્ર જ્ઞાનામૃત ટીમ, સૌ વાંચકોના કોટી-કોટી શ્રધ્ધાસુમન અર્પણ.



(૧૯૯૪) પ્રેસ કોન્ફરન્સમાં સંબોધન કરતાં બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈ બાજુમાં બ્ર.કુ. જગદીશચંદ્ર હસીજા.




(૧૯૯૫) જ્ઞાનસરોવર ખાતે મીડિયા વર્કશોપમાં અધ્યક્ષ સ્થાને બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈ.



(૧૯૮૪) પાંડવભવનમાં વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિઓ સાથે સમુહચિત્રમાં દાદીઓ અને બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈ.



(૧૯૯૬) આબુ મેડીકલ કોન્ફરન્સમાં અમદાવાદના પત્રકારો સાથે બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈ, ડૉ. અશોક મહેતા, બ્ર.કુ. નંદિનીબેન.



(૧૯૯૭) મા.આબુ ખાતે મીડિયા કોન્ફરન્સમાં મીડિયાની સકારાત્મક ભુમિકા વિષય પર પ્રવચન આપતાં બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈ.



(૨૨-૧૧-૧૯૯૮) આંતરરાષ્ટ્રીય મહોત્સવના મીડિયા સંમેલનમાં વ્યાખ્યાન આપતાં બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈ.



(૧૯૯૮) ભારત ૨૧મી સદીનો પ્રકાશસ્તંભના મીડિયા સંમેલનમાં દાદી મનોહરઈન્દ્રાજી, બ્ર.કુ. કરૂણાભાઈ, બ્ર.કુ. ઓમપ્રકાશભાઈ સાથે બ્ર.કુ. ડૉ. કાલિદાસભાઈ.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com